# કલમ કડછી ને બરછી

બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૨
વર્ષ : ૫૯
વર્ષ : જાન્યુઆરી થી ડિસેમ્બર
વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

## દીપોત્સવી અંક

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



જય હાટકેશ

જય મા અંબિકા

## સમગ્ર જ્ઞાતિજનો ને

# નૂતન વર્ષાભિનંદન

### સ્વ. નવરંગબેન રતનશંકરભાઈ બુચ પરીવાર

સ્વ. મહેશભાઈ રતનશંકર બુચ
સ્વ. કુલીનચંદ્ર રતનશંકર બુચ
શ્રી ગૌરાંગભાઈ માંકડ
ઉજ્જવલ કુલીનચંદ્ર બુચ
હીરેન મહેશભાઈ બુચ

મેહુલ કુલીનચંદ્ર બુચ
પર્વ ગૌરાંગભાઈ માંકડ
શ્રીમતી વીણાબેન મહેશભાઈ બુચ
શ્રીમતી શકુંતલાબેન કે બુચ
શ્રીમતી ઉન્નતિ ગૌરાંગભાઈ માંકડ

શ્રીમતી સોનલ ઉજ્જવલ બુચ
શ્રીમતી દીપા હીરેન બુચ
શ્રીમતી શ્રુતિ મેહુલ બુચ
આકાંક્ષા ઉજ્જવલ બુચ

www.abhishek.info

સુજ્ઞ જ્ઞાતિજનો..

જય હાટકેશ..આરંભ થયેલ ૨૦૭૯ના નવા વર્ષમાં સમસ્ત જ્ઞાતિજનોના સુખ,શાંતિ, આરોગ્યમાં વૃદ્ધિ થાય તેવી શુભેચ્છા સાથે સૌનું શુભ થાઓ, મંગલ થાઓ,કલ્યાણ થાઓ તે જ અભ્યર્થના સહ –
નૂતન વર્ષાભિનંદન!

વ્હોટસએપ ઉપર શુભેચ્છા પાઠવતા અઢળક મેસેજ મળ્યા છે..સહુ કોઈના આભાર સહ સૌને બરછી પરિવારની શુભકામના.. વધુ ન લખતાં બરછીના આ દીપોત્સવી અંક ઉપર આવીએ..તો, સૌ પ્રથમ તો સોશિયલ મીડિયા ઉપર અમે લેખકો–કવિઓને લેખન માટે ઈજન પાઠવતા મેસેજને દેશ વિદેશના અસંખ્ય જ્ઞાતિજનો સુધી પહોંચાડવા બદલ મેસેજ ફોરવર્ડ કરનાર સહુ કોઈના આભારી છીએ.જે થકી ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગામેગામના ઘણા લેખકો– કવિઓ તરફથી મૌલિક કૃતિઓ મળી. લેખકો– કવિઓના આભારી છીએ કે અમારા ઈજનને માન આપી તેમના મૌલિક વિચારો ને કલમનો લાભ આપી, બરછીને વિશેષ અને વિશિષ્ટ વાચનસભર બનાવ્યું છે.મોટા પ્રમાણમાં મળેલ સાહિત્ય સામગ્રીમાંથી દરેક વયજૂથ/વિષયને ધ્યાનમાં રાખીને લઘુવાર્તાઓ, વાર્તાઓ,હળવી શૈલીના લેખો તથા કાવ્યો પસંદ કરી અંકને વિવિધતાસભર બનાવવા પ્રયત્ન કર્યો છે.કેટલાક અમારા માટે/બરછીના વાચકો માટે નવા કલમ નવેશોને તક આપી છે તેથી પાનાની સંખ્યાની મર્યાદા ને કારણે કેટલાક લેખ, વાર્તા, કાવ્યો 'સ્ટેન્ડ બાય' તરીકે રાખવા પડયા છે. દરગુજર કરશો.



લેખકની કલમ દ્વારા તેમના વિચાર–શૈલીનો પરિચય થાય અને શિષ્ટ ને પ્રેરક વાચનનો વધારેમાં વધારે વાચન રસિકોને લાભ મળે તે હેતુથી આ અંક, લવાજમ ન ભર્યું હોય તે સૌ કોઈ માટે 'ફ્રી ટુ ઓલ..ઓપન ફોર ઓલ' રાખવામાં આવ્યો છે.જે barchhi.com ઉપર વાંચી શકાશે. અમે લિંક પણ શેર કરીશું.. જે તમે પણ શેર કરશો.

દરેક કૃતિ સાથે લેખક/ કવિના મોબાઇલ નંબર આપ્યા છે વાર્તા– કાવ્યો પસંદ પડે તો તેમને ફોન મેસેજ કરશો જે સહુને પોતાની કલમ ચાલતી રાખવા ઉત્સાહવર્ધક ને પ્રોત્સાહક બની રહેશે.

આભાર વિજ્ઞાપનદાતાઓનો : સૌ પ્રથમ વડોદરા સ્થિત શ્રી ઉજ્જવલ બુચના આભારી છીએ, જેઓને વ્યવસાયના પ્રચારની જરૂર ન હોવા છતાં બરછીના એક શુભેચ્છક તરીકે વિશુધ્ધ ભાવનાથી ગત વર્ષની જેમ આ વર્ષે પણ બે પેઈજની 'મલ્ટી કલર' જાહેરાત મોકલી આપી..તેવી જ રીતે દેશવિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત જ્ઞાતિ કલાકાર શ્રી હિતશ્વ નાણાવટી(રાઘવ મ્યુઝિક)ને પણ પ્રચારની જરૂર નથી પરંતુ તેઓ બરછીને યજ્ઞકાર્ય માને છે.. તેથી તેઓએ પણ સતત બીજે વર્ષે નિઃસ્વાર્થભાવે હિતેચ્છુ તરીકે એક પાનાની 'મલ્ટી કલર' જાહેરાત આપી. જે બંનેના સૌજન્યથી બરછીના ટાઈટલને આકર્ષક કલરફુલ બનાવી શકાયું છે. સાથે સાભાર નોંધ લઈએ કે આ બંને બંધુઓએ દર વર્ષે પોતાનું આ યોગદાન ચાલુ જ રહેશે તેમ પણ જણાવ્યુ છે.જો કે વ્યવસાય સાથે સંકળાયેલા દરેક બંધુઓ બરછી પ્રત્યે ઉદાત્ત ભાવનાથી જ શુભેચ્છક તરીકે જાહેરાત દ્વારા બરછીને આર્થિક ટેકો આપી રહયા છે. આમ દરેક મૂલ્યવાન સહયોગી વિજ્ઞાપનદાતાના અમે આભારી છીએ.

–વિરેન શાંતિભાઈ ધોળકિયા–તંત્રી

## સમાચાર સંચય

- રાજકોટ : અત્રેની એચજય સ્ટીલ્સ લી.કંપનીમાં મેનેજર તરીકે કાર્યરત હતા તેવા સ્વ. જયેશ કિકાણી તથા સુસંસ્કારી અને શિક્ષણમાં તેજસ્વી કારકિર્દી ધરાવતાં તેમનાં પત્ની સ્વ. દીપ્તિ કિકાણીને કુટુંબ તથા જ્ઞાતિએ કોરોનામાં ગુમાવ્યાં.દંપતીની પરિવારને તો ન પૂરી શકાય તેવી ખોટ પડી જ પરંતુ જ્ઞાતિસમાજને પણ મોટી ખોટ પડી. જ્ઞાતિ હિતેચ્છુ રહેલા જયેશભાઈએ એચજય કંપનીમાં ઘણા જ્ઞાતિ યુવાનોને નોકરી અપાવી હતી,ઉપરાંત જ્ઞાતિની અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે કંપની તરફથી 'સ્પોન્સરશીપ' મેળવી આપી જ્ઞાતિભાવનાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પૂરૂં પાડયું હતું. તેમની શ્રેષ્ઠ કામગીરી અને કંપની પ્રત્યેની નિષ્ઠા,વફાદારીને ઘ્યાનમાં લઈ,કાબેલિયત ધરાવતા તેમના યુવા પુત્ર ધર્માંગને આ એચજય સ્ટીલમાં નોકરી પણ આપી. દાદા– રજનીકાન્ત ભાઈ કિકાણી તથા નાના–રાજકોટના રમતવીર સ્વ. મનહરભાઈ હાથી જેવા સંસ્કારી કુળના સંતાન ધર્માંગે પણ માતા–પિતા/વડીલોની સ્મૃતિ કાયમ રહે, વિદ્યાર્થીઓને પ્રોત્સાહક બળ મળે તેવા ઉમદા હેતુ સાથે અત્રેની વર્ષોથી તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરતી સેવાસંસ્થા 'સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ને રૂા.૫૧,૧૧૧/–નું અનુદાન આપી સાચું તર્પણ કર્યું.ભાઈ ધર્માંગનું આ કાર્ય સરાહનીય છે.
- રાજકોટ : તાજેતરમાં કન્ઝયુમર લો પ્રેકટીશનર એસોસીએશનની સ્થાપના કરવામાં આવી. જેના પ્રમુખ તરીકે જાણીતા એડવોકેટ શ્રી ધીરેન્દ્ર વસાવડાની સર્વાનુમતે વરણી કરવામાં આવી.અભિનંદન.
- મુંબઈ : અત્રે સ્થિત અ.સૌ.રાગિણીબેન રમેશભાઈ વૈદ્યે ૨ ઓકટોના રોજ તેમના ૭૦મા જન્મદિન નિમિત્તે રાજકોટ ખાતે હોબી સેન્ટર ખાતે આયોજીત સમૂહ નવરાત્રિ સ્થાપન દરમ્યાન દીપમાળાના સૌજન્ય સાથે બાળકોને લ્હાણી વિતરણ કર્યું.
- અમદાવાદ : કોટક મહિન્દ્ર બેંકમાં ફરજ બજાવતા અભિજીત અક્ષયભાઈ વસાવડા રીજીયોનલ બીઝનેસ મેનેજર તરીકે બઢતી મેળવી મુંબઈ બદલાયા.
- અ.ભા.ના.પરિષદ(મધ્યસ્થ) દ્વારા યોજાયેલ ગરબા સ્પર્ધામાં સિનિયર સીટીઝન ગ્રુપમાં દુર્ગેશ વૈશ્નવે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.
- અત્રેના હાટકેશજન પરિવાર દ્વારા ગોતા વિસ્તારના જ્ઞાતિબંધુઓના સમૂહ ગરબાનું આયોજન નિખિલ ભાઈ વૈદ્ય,શ્રીમતી કામાક્ષીબેન વિશ્વેશ ભગત,ભાવિનભાઈ વસાવડા, વિદુલભાઇ મજમુદારના નિવાસ સ્થાને કરવામાં આવ્યું હતું.આ વિસ્તારના વસતા નાગર પરિવારોએ ઉત્સાહપૂર્વક જોડાઇને ભકિતપર્વ ઉજવ્યું.
- આણંદ : અત્રે સ્થિત ડો.સી.એચ.માંકડ–દીપાબેન માંકડના નિવાસસ્થાને નવરાત્રિ નિમિત્તે મા અંબાનું ઘટસ્થાપન કરવામાં આવ્યું હતું.જ્ઞાતિજનોએ દર્શન આરતી ગરબાનો લાભ લીધો.

**સગપણ સગાઈ :**

રાજકોટ સ્થિત અ.સૌ.જવનિકાબેન ગિરીશભાઈ ઓઝાના પુત્ર કવનનું સગપણ રાજકોટ સ્થિત અ.સૌ. આરતીબેન ભાવેશભાઈ નાણાવટીનાં પુત્રી નૂપુર સાથે.

## ડો. ધૈવત વોરાને 'શ્રેષ્ઠ પ્રાધ્યાપક' તરીકેનો એવોર્ડ એનાયત



વડોદરા ખાતે દેશના વિશ્વ વિદ્યાલયોના યોજાયેલા રાષ્ટ્રીય સેમિનારમાં વડોદરાની પારૂલ યુનિવર્સિટી સંલગ્ન આયુર્વેદ કોલેજના પ્રા.ડો.ધૈવત મનુભાઈ વોરાને વર્ષ ૨૦૨૨ના શ્રેષ્ઠ પ્રાધ્યાપક તરીકેનો એવોર્ડ નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદ જયપુરના ઉપકુલપતિ ડો.સંજીવ શર્માના હસ્તે એનાયત કરવામાં આવ્યો.ડો.ધૈવતભાઇ કચ્છના કેળવણીકાર બળવંતરાય વોરાના પૌત્ર તથા સ્વામિનારાયણ હાઈસ્કૂલ ભુજના આચાર્ય સ્વ.મુકુંદરાય ધોળકિયાના દોહિત્ર થાય. (તસ્વીરમાં છેલ્લા.. એવોર્ડ સ્વીકારતા ડો.વોરા)

**શ્રી નાગર યુવક મંડળ રાજકોટ સાડા છ દશકા પહેલાં**ની પ્રવૃત્તિથી જ્ઞાતિને વાકેફ કરવાના હેતુથી રાજકોટ સ્થિત શ્રી અશોકભાઈ પોટાએ દુર્લભ તસવીર–માહિતી મોકલતાં અત્રે સાભાર પ્રસ્તુત છે..



સને ૧૯૫૬/૫૭ની સાલમાં શ્રી નાગર યુવક મંડળના નેજા અને શ્રી દિલીપભાઈ માંકડની આગેવાની હેઠળ છલકતા ઉત્સાહભેર જ્ઞાતિનાં બહેનોએ અખિલ ભારતીય ગરબા મહોત્સવમાં ભાગ લઈ તેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું હતું. તસ્વીરમાં શ્રી જવાહરલાલ નહેરૂ અને શ્રી હેમુ ગઢવી સાથેના ફોટામાં તેઓને યાદ છે તેટલાં નામ લખી મોકલ્યા મુજબ વાસંતીબેન પોટા (બુચ), પલ્લવી બેન મારૂ(બુચ) ખમ્માબેન બક્ષી (માંકડ) જ્યોત્સનાબેન બુચ,જસુમતિબેન બક્ષી(વસાવડા) તથા અન્ય બહેનો દેખાય છે. અન્ય જેઓ હોય તેના નામોનો ખ્યાલ હોય તો અમને લખી જણાવતાં પ્રકાશિત કરીશું.

## ગર્વિત પંડયાને એવોર્ડ એનાયત થયો



રાજકોટ સ્થિત શ્રી ગર્વિત કલ્પેશ પંડયાને સૌરાષ્ટ્ર રીજીયનમાં Ecosystem and innovation Startupમાં તેમના બહુમૂલ્ય યોગદાન બદલ કેન્દ્રના 'સ્કીલ એન્ડ એન્ટરપ્રિન્યોર' ખાતાના યુનિયન મિનિસ્ટર–સ્ટેટ શ્રી રાજીવ ચંદ્રશેખરના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા.અભિનંદન..

ગર્વિત પંડયાએ આજના સમયમાં દેશમાં અનેક રીતે ઉપયોગી બની રહેલ 'ડ્રોન ટેકનોલોજી'માં એમ.ટેક.ની પદવી મેળવી છે.તેઓ ઉદ્યોગ સાહસી છે..અભ્યાસ બાદ અનુભવ મેળવવા નોકરી કર્યા બાદ રાજકોટ ખાતે innovative Unmanned System નામની પોતાની કંપની શરૂ કરી સ્વતંત્ર વ્યવસાયમાં પદાર્પણ કર્યું છે.તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલ 'ડિફેન્સ એક્સ્પો' પ્રદર્શનમાં પણ ભાગ લીધો હતો.ડ્રોન ક્ષેત્રના કામ કે માર્ગદર્શન માટે મો.નં.૭૨૨૯૦૬૬૬૫૧ ઉપર તેમનો સંપર્ક કરશો.

# 'એ માણસ'

લીના વછરાજાની,
અમદાવાદ.

હા, એ માણસ મને મળ્યો ત્યારે બિલકુલ અલગ અંદાજથી મળ્યો હતો. મોબાઈલ પર રણક્યો હતો.

"હલ્લો, હું પરમીત."

"હં..."

હું જરા હડબડી હતી કારણ સાવ અજાણ્યો હતો.

"અહં ! એમ ડરો નહીં, હું ફોનમાં છું. બહાર આવીને ગુલાબ નહીં આપી જાઉં."

અને મને અકારણ હસવું આવી ગયું હતું.

ડિજીટલ મીડિયાની આ જ કરામત કે કરુણતા કહેવાય કે એ માણસ જે સ્ક્રીન પર મળ્યો. મિત્ર બન્યો, હમદમ બન્યો અને સમાંતર ચાલીને સ્ક્રીન પરથી જ વિદાય થયો.

સાત વર્ષ પહેલાં મારા ફોનમાં ફ્રેન્ડ રિકવેસ્ટ આવી. મેં કાળજીપૂર્વક તપાસ કરીને એ સ્વિકારી. અને પછી એક એવો સરસ સરળ નિખાલસ મૈત્રીભાવ કેળવાયો કે મારી એકલવાયી જિંદગીમાં એક રંગ ઉમેરાયો. રોજ ગુડ મોર્નિંગથી શરૂ થયેલી વાતો શિવરંજની અને ગઝલના શબ્દોમાં ઢળાતી જતી. એ માણસ સાહિત્ય અને સંગીતનો માહેર હતો. તો વિચારોમાં સંપૂર્ણ આધુનિક છતાં મર્યાદાશીલ હતો. કેટલાય નવોદિત ગાયકને અને લેખકને સ્થાપિત નિષ્ણાત સુધી પહોંચાડી દેતો અને નવોદિતમાંથી પ્રતિષ્ઠિત નામ થાય ત્યારે મૌન ખુશ થતો રહેતો.

એ માણસ બહુમુખી અને હસમુખ હતો. હજી તો પાંચ દિવસ પહેલાં જ એનો મેસેજ હતો. વાર્તા શરુ કર. એક પ્લોટ મોકલું છું અને પછી આ મહામારીમાં યુવાન દીકરાને ખોઈ બેઠેલી માની વેદના અને ત્યાર બાદ એ જ માં અનાથઆશ્રમમાં અનેકની મા બનીને જીવી જાણે એ જડબેસલાક પ્લોટ એણે મોકલ્યો.

ત્રણ દિવસ મને વિચારતાં થયા ત્યાં એ માણસ અચાનક એક સવારે એ જ મહામારીમાં "હતો" થઈ ગયો. હું કોની વાર્તા લખું એ સમજાતું નહોતું. અરે ! એ માણસને રૂબરૂ મળવાનું જ રહી ગયું. એ માણસ કેટલાય કિલોમીટર દૂર હતો તો ય જાણે સાવ બાજુમાં હતો.

એ માણસ એક સંબંધ રોપી ગયો. મહામારી તો હમણાં આવી છે પણ એ માણસ તો દરેકને સાત વર્ષથી જિંદગીભર વર્ચ્યુઅલ કેમ જીવાય એ શીખવાડી ગયો. એક રૂઢિચુસ્ત સામાજિક ઢાંચાની માનસિક સાંકળ તોડતા શીખવાડી ગયો. રોકક્કળ કરવાને બદલે ખુમારીથી જીવતાં શીખવાડી ગયો. અને મેં પાંપણની પાંળે ડોકાતાં પેલાં જળબિંદુઓને બહાર આવવાની રજા જ ન આપી.

મેં એક વાક્ય સાથે ડાયરી બંધ કરી.

"કેટલાક સંબંધને નામ આપવાની જરૂર નથી હોતી,
કેટલાક સંબંધને માત્ર દિલથી માન આપવાની જરૂર હોય છે."

અને હોલમાં તાળીઓના ગડગડાટ થયા. મારી એ વાર્તાને પ્રથમ પારિતોષિક મળ્યું હતું જેના સન્માન સમારંભમાં મારાથી એ વાર્તાના માનસ – પિતા "એ માણસ" વિશે અસ્ખલિત બોલાતું જ ગયું હતું.

ઘેર આવીને મંદિરમાં દીવો પ્રગટાવીને મેં એને અંજલી આપી.

## રેખાઓનું ગણિત

શ્રીમતી મનિષા હાથી,
ભાવનગર.
મો.૯૪૨૯૩૭૪૭૭૮

આદિત્ય વર્મા મલ્ટીનેશનલ કંપનીના માલિકની ચેમ્બરમાં પ્રવેશતા જ અચંબીત બની ગયો...ચેમ્બરની દીવાલ પર એક એક જગ્યાએ જાહોજલાલી ટપકી રહી હતી... શું શાનદાર સજાવટ હતી... દિવાલ પરનું એક એક ચિત્ર જાણે આપણી સાથે વાતો કરી રહ્યું હોય... એટલી અદ્દભૂત કલાકારી હતી. ખેર,એ તો હોવાની જ. હોંશિયાર અને ખાસ કરીને રાજકીય કારોબારમાં પણ સક્રિય રહેનાર આ કંપનીના માલિકનું નામ પણ આદિત્ય વર્મા જ હતું. નામ, અટક.. સરખું...પણ કિસ્મત જુવો... હું એક સાધારણ મિડલ કલાસ ફેમિલીનો માલિક અને આ... મહાશય... !!!

કંપનીના માલિકને સંબોધતા આદિત્ય બોલ્યા... "હું મિ. વર્મા... સાહેબ...".

લેપટોપની સ્ક્રીન પર છપાયેલા કાળા અક્ષરોમાં જ પોતાની આંખો સ્થિર રાખતા કંપનીના માલિક થોડા 'રુડલી' બોલ્યા... "તો... હું શું કરું ?, તમે એપોઈન્ટમેન્ટ લીધી હતી ? કે પછી ડાયરેકટ એન્ટ્રી... ? પ્લીઝ... તમે બહાર વેઈટ કરો...'

હજુ એમનું બોલવાનું ચાલુ હતું અને પ્યુને આવીને બોસને ધીરેથી કોઈ માહિતી આપી... બોસના કાન ચમકી ઉઠયા...ગુસ્સામાં બરાડયો..." આ તમારા જેવા અપશુકનિયાળ લોકો સવાર સવારમાં આવીને પૂરો દિવસ બગાડી જાય છે. તમને કહું છું... મિ. પ્લીઝ તમે બહાર જઈ શકશો કે... ?

બોસના આવો તોછડો મિજાજ જોવાનું પ્યુન માટે તો રોજનું હતું. ચેમ્બરમાં ઉભેલો એ બિચારો મિડલ કલાસ બહાર સોફા પર જઈને બેસી ગયો...

થોડીવારમાં તો ચેમ્બરની બહાર પણ ચહલપહલ વધી ગઈ. સ્ટાફમાં અંદરોઅંદર ધીમે ધીમે કોઈ વાત વહેતી ચાલી... અંતે ખબર પડી ઈન્કમટેકસવાળાએ અડ્ડો જમાવ્યો છે...

બહાર સોફા પર બેસીને આદિત્ય ચેમ્બરનીઅંદરના એ ચહેરાને જોઈ રહ્યો હતો. ભારે ટેન્શનમાં હતો. માલિક પોતાના ચહેરાને બે હાથ વચ્ચે છુપાવીને બેઠો હતો... બોસ કહો કે માલિક આજ તો જબરો ફસાયો હતો. છતાં મનમાં ને મનમાં વિચારવા લાગ્યો બની શકે કે ઈન્કમટેકસવાળા મારી એ ખાસ જગ્યા સુધી પહોંચે નહિ...!! પણ એ લોકોનું તો ભલુ પૂછવું... બધું ખેદાન મેદાન કરીને જ છોડશે. ટેન્શનમાં ટેબલ પર પડેલો પાણીનો ગ્લાસ

ગટગટાવી ગયો... ચેમ્બરના પાછલા દરવાજેથી પોતાની અવરજવર ચાલુ હતી. ચાર કલાક, પાંચ કલાક...ગજબ છે આ ટેક્સવાળા પણ.આવી રીતે અચાનક ત્રાટકી ગયા..!!! માલિકના બે ચાર ચમચા એમને આશ્વાસન આપતા રહ્યા..."ફિકર ના કરો સાહેબ અમે સંભાળી લેશું.. તમે અંદર બેસો..."

માલિક પોતાની ચેમ્બર ગયા એણે હલકી સી તિરાડમાંથી જોયું... સોફા પર પેલો વ્યક્તિ હજુ પણ બિરાજમાન હતો... મનોમન બબડયો "અરે યાર આ ડાઘીયો હજુ સુધી અહીં જ બેઠો છે !!!?"

પાંચેક કલાકને અંતે એ કંપનીના માલિકની ચેમ્બરની સજાવટમાં સુનકાર વ્યાપી ગયો હતો. ભીંતો પર લટકાયેલ મોંઘાદાટ ચિત્રો જાણે મજાક ઉડાડી રહ્યા હતા. કેટલાય લોકો સાથે અને એ પણ અગણિત કરેલા ફ્રોડ ફાઈલમાં ઉભરાયને બહાર ફેલાય ચુકયા હતા... નોટોના બંડલ... બધું જ એકસાથે પાથરણાની માફક પથરાય ચૂક્યું હતું. ચમચાઓ સિવાયનો બાકીનો સ્ટાફ પણ આશ્ચ્ર્યજનક સ્થિતિમાં હતો. અહંકાર અને અભિમાનમાં ચમકતા ચહેરા પર એક નવો મુખોટો છપાય ચૂકયો હતો.

પોતાની ચેમ્બરમાંથી બહાર નીકળતા એનું શરીર પાણી પાણી થઈ ગયું હતું... સોફા પર બિરાજમાન વ્યક્તિની આસપાસ એની બાકીની ટીમ હાજર હતી... કંપનીનો માલિક એ વ્યક્તિને જોતાં જ આભો બની ગયો. આટલા સાધારણ લિબાસમાં ઈન્કમટેક્સ ઓફિસર... ? બાપ...રે... કોઈ કલ્પના પણ...

માલિકના વિચારોને અડધેથી જ કાપતા ઈન્કમટેક્સ ઓફિસર મિ. આદિત્ય વર્મા બોલ્યા "સોરી સાહેબ મારે મારી ફરજ પૂરી કરવાની હતી. પણ...હા... એક વાત તો છે જ, કર્મ ક્યારેય કોઈને છોડતું નથી. વર્ષો પહેલા દસમાં ધોરણના બોર્ડના રિઝલ્ટ વખતે મેરિટમાં પ્રથમ સ્થાને મારું નામ હતું. એની જાણકારી પણ મળી ગઈ હતી. એ પછી રાતોરાત શું રમત રમાય હશે એતો તમે અને તમારા પૂજ્ય પિતાશ્રી જાણતા જ હશો. નામ અને અટક સરખા હોવાથી એ સમયે તમે રમત રમી ગયા. મારા માટે એ રાત અને એ દિવસોમાં દરમ્યાન મારી પરિસ્થિતિ ઘણી કફોડી હતી કે હું કોઈપણ રીતે આટલી મેજર પ્રોબ્લેમને સોલ્વ કરી શકું તેમ નહોતો. પરંતુ કર્મનો બદલો આજે નહિ તો કાલે ચૂકવવો જ પડે છે... હવે... એ બતાવો મિ. આદિત્ય વર્મા 'વોટ કેન આઈ ડુ ફોર યુ ?'

શાંત થયેલા કોલાહલ વચ્ચે ફરીથી એકવાર સંવાદોએ, ચર્ચાએ... જોર પકડી લીધું...

હથેળીમાં મંડાયેલી 'રેખાઓનું ગણિત' આટલું સચોટ પણ હોતું હશેને ...!!

## With Best Compliments from

UNITED MINDS
*Let's Create New Possibilities*

**UJJAVAL K BUCH, MCC**
Director and Master Certified Coach
(Internal Coaching Federation – USA)

UNITED MINDS
*Let's Create New Possibilities*

- Executive Coaching
- Culture Augmentation and Renewal
- Authentic Conversations
- Designing Customer Experience and Employee Experience Journeys
- We're serving top corporate clients in India and across the globe

+91-99099 13669 | +91-99099 89669
info@unitedminds.co.in | coach@unitedminds.co.in | www.unitedminds.co.in

www.abhishek.info


राघव
MUSIC
India's Very Famous International Musical Group
Hitashv Nanavati (Lalo) Presents
RAGHAV
MUSIC
Cell : +91 98240 68386, +91 98254 49363
LIVE
MUSIC
BAND
Kishan Pathak
Rhythm Arranger
Hitashv Nanavati
(Lalo)
Versatile Singer

## ધન્ય તેરસ

અમે ધનતેરસના ધન ધોયું
અમે ધનતેરસના તન ધોયું
પણ મનન કરી મન ના ધોયું
તો જાણો, કંઈજ ના ધોયું.
જે પ્રામાણિકતાથી પામ્યા છો
તે ધન સ્વયમ ધોવાયેલ છે,
જે પરિશ્રમથી કમાયા છો,
તે ધન સ્વયમ ધોવાયેલ છે
જો મનમાં મેલ નહીં હોય તો,
ધન કદાપિ મેલું ના થાયે
જો પવિત્રતા મનમાં રહેશે
તો તેરસ ધન્ય બની જાશે
'જગત'ને જેમાં રસ છે,
તે સદ્ગુણોની 'તેરસ' છે.
—જગતકિશોર ઢેબર, રાજકોટ



## મજાની દીપોત્સવી

ઓઢી આકાશે અમાવસની ઓઢણી,
અંધકારના આંગણે આવી અજવાળી દીપોત્સવી.
દીકરીની ભૂલો પર મમ્મી જેમ ઢાંકપિછોડો કરતી,
આકાશનો ખાલીપો છુપાવવા આવી ઉજાળી દીપોત્સવી.
માણે મન સ્નેહનો સ્વાદ, મીઠાઈ માણસાઈની વહેંચાઈ છે,
હૈયા સાથે હૈયાના મિલનની છે મિજબાની દીપોત્સવી.
મંગળાથી માંડીને, દીપ પ્રજ્વલ્લનમાં લીન સૌ,
ફટાકડા અને જલેબી—ફાફડા સાથે છે મજાની દીપોત્સવી.
કૃતજ્ઞ પંડયા 'આવાઝ' (રાજકોટ)
મો. ૬૩૫૬૯૮૨૩૯૮

## આર્ત પ્રાર્થના...

રે આશામાં રહીએ
હિંમત ચાલ દાખવીએ...
હોય સમય કસોટીનો
પાર જરૂર ઉતરીએ...
પ્રેમ લાગણી ભીની ભીની
ઉરમાં ચાલ ઉછેરીએ...
ધ્યાન રાખે ઉપરવાળો
દ્રઢ વિશ્વાસથી જીવીએ...
અહમ મમના ઓરતા
જાણ્યા પછી દફનાવીએ...
હરિ કરશે મમ હિતનું
એવી શ્રદ્ધાને જગાવીએ...
—પ્રકાશ દિ. હાથી, રાજકોટ.
મો. ૯૪૨૬૧૩૨૦૦૬૬

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

નોંધ : (૧) કોમ્પ્યુટરમાં 'KKB મેઈલીગ લીસ્ટ પ્રોગ્રામ'માં લવાજમ રીન્યુ કરતાં તુરત આપે નોંધાવેલ મો.નં.ઉપર પહોંચનો SMS મળે તેવી 'ઓટો જનરેટેડ સીસ્ટમ' છે તેમજ નવા ઉમેરાયા હોય/સરનામાં સુધારા થયા હોય તે સાથેના 'એડ્રેસ લીસ્ટનું પ્રિન્ટઆઉટ' દર મહીને કાઢવામાં આવે છે.તેથી SMS મળી જાય એટલે સભ્યનું નામ 'એન્ટર'થઈ ગયું છે તે કન્ફર્મ,એટલે SMS મળી જાય અને 'બરછી' ન મળે તો પોસ્ટમેન/પોસ્ટઓફીસમાં આપને મળેલ પહોંચનો SMS બતાવીને જાણ/ફરિયાદ કરશો. (૩) એક ઘરમાં દરેક પાસે આજે મોબાઈલ હોવાના જ,તેથી લવાજમ ભરવા સમયે જે મોબાઇલ નંબર નોંધાવેલ હોય તે યાદ રાખશો કારણ પહોંચનો SMS તે નંબર ઉપર જ જશે.(૪) ઓનલાઇન લવાજમ ભર્યા બાદ નામ સરનામા સાથે અચૂક જાણ કરશો (૫) આપની એડ્રેસ સ્લીપમાં ઉપર આપનો ગ્રાહક નં. દર્શાવેલ હોય છે જે કાયમ એ જ રહેતો હોવાથી નોંધી લેશો અને લવાજમ ભરતાં/આપના સરનામામાં ફેરફાર થાય તો આ ગ્રાહક નંબર સાથે જાણ કરશો. જેથી બરછી મેળવવાથી વંચિત ન રહો.—તંત્રી.

## વિદેશમાં વસતા જ્ઞાતિજનો/યુવાનોની માહિતી પ્રકાશિત થવા અંગે...

અગાઉ સોશિયલ મીડિયા દ્વારા જણાવ્યા મુજબ અત્રે બરછીના વાચકોને જણાવવાનું કે, વિદેશમાં સ્થાયી થયેલા બંધુઓ તેમજ અભ્યાસ કરવા ગયેલા અને ત્યાં જ નોકરીમાં જોડાઈ સ્થાયી થયેલા યુવાનો કેટલા વર્ષથી છો,ત્યાં/ક્યાં નોકરી/પોતાનો/સંતાનો/યુવાનોનો અભ્યાસ,અન્ય પ્રવૃતિ,કોઈ સંસ્થામાં સંકળાયેલા હોય કે વિશિષ્ટ બાબત હોય તો તે, મો.નં./ઈમેઈલ આઇડી જેવી માહિતી, સૌને જાણવા તેમ જ ત્યાં જ સ્થાયી સંતાનોના સગપણ લગ્ન માટે કે જરૂર પડયે પરસ્પર ઉપયોગી થાય તેવા હેતુથી 'બરછી'માં પ્રકાશિત કરવામાં આવનાર છે.પોતે અથવા જેઓના સગા સંબંધીઓ કે સંતાનો પરદેશમાં સ્થાયી થયેલા હોય તે સૌને આ માહિતી barchhi@rediffmail ઉપર લખી મોકલવા ઈજન છે. આવી માહિતી અમને મળી પણ રહી છે,જે હવે પછીના અંકોમાં યથાવકાશે પ્રકાશિત કરીશું.વધુ પૂછપરછ માટે ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર મારો સંપર્ક કરી શકો છો.—તંત્રી.
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# સર્વે ભવન્તુ સુખિનઃ

દીપક બુચ, અમદાવાદ.
મો.૯૪૨૭૬૧૬૫૧૧

સ્વાભાવિક રીતે બધાને સુખી જ થવું–રહેવું હોય.પૈસાથી સગવડ ઉભી કરી શકાય,જેમાં સુખ– દુઃખ બંનેનો સમાવેશ હોય છે.નિજી સુખ,પૈસાથી ખરીદી શકાતું નથી.તો હાથે કરીને દુઃખી થવાને બદલે,હાથે કરીને સુખી શા માટે ન થવું?! સુખી થવાતું નથી,સુખી હોવું ઘટે શકે છે! આ 'ઘટવું' શક્ય બને તે માટે શું જરૂરી છે? આ માટે પ્રયત્ન થકી,મનની શાંતિ હાંસલ કરવી પડે.મનની શાંતિ માટે મન– કર્મ– વચનથી પળેપળ થતાં કાર્ય થકી કોઈને નડતાં તો નથીને તેમ સતત સજાગ રહી જાગ્રત રહીને દરેક કાર્ય– કર્મ કરવાં ઘટે!

કોઈને કોઈ રીતે નડવું તો નહી જ,પણ કોઈને શું કેવી રીતે મદદરૂપ થઈ શકાય તેની સતત ખેવના અને ઝંખના રાખવી જોઈએ.'ત્યકતેન ભૂંજીથા' મુજબ આપી,તે મેળવનારના આનંદ–ખુશીના જે સ્પંદનો નીકળશે તે આપોઆપ ઝીલાશે જે સુખની વૃદ્ધિનો અનુભવ કરાવશે.

શ્રીકૃષ્ણ ભગવાને કહયું છે તેમ કર્મની ગતિ અતિ ગહન છે.આપણા નાના સરખા એક એક કાર્યમાં સજી અને નિર્જીવ(નિર્જીવ એક અવસ્થા છે શ્રી નરસિંહ મહેતાએ કહેલું જ છે'જડ ચેતન રસ કરી જાણવું, નિર્જીવને પણ ફેંકવું– ઘા કરવો નહી તેમ કરવાથી તિરસ્કારની ભાવના આપોઆપ વણાય જતી હોય છે. – માંથી ઉદ્ભવતા સુક્ષ્મ સ્પંદનો થકી આપણે સતત જોડાતા જ જઈએ છીએ અને તેના ફળ–પરિણામ, સુખ– દુઃખ માટેનું ઝાળું પળેપળ ગૂંથાયા જ કરે છે.આથી જ સતત જાગ્રતા સાથે ધ્યાનપૂર્વક બધાં કામ કરવાં ઘટે. જે હશે તો સારા–નરસાનો ભેદ પણ પરખાશે અને તેથી સદ્કાર્યો થશે.

બીજું પાસું છે,તિરસ્કારને સંપૂર્ણપણે તિલાંજલી આપવી પડે.ઘૃણા–અદેખાઇ–ઈર્ષા,તિરસ્કારના જન્મદાતાઓ છે.વળી 'હું કંઇક છું,હું કરૂં છું' તેની અન્ય સાથેની સરખામણી તિરસ્કારને બળ મળે છે. જો જિંદગીના વીતી ગયેલાં વર્ષોમાં બારીક નજર' નાખીએ તો પોતાના જીવનમાં અત્યાર સુધી જે કંઈ મળ્યું છે તે, સ્થળ–કાળ–કારણ–કર્મ સાથેના આપણા કર્તાના સાંયોગિક અને પ્રાકૃતિક જોડાણથી ઘટેલું છે તેવું સ્પષ્ટ દેખાય આવશે..'નજરે'ચડશે!

ઓરસિયા પર ચંદનનું લાકડું ઘસી તૈયાર થતું ચંદન જેમ ભગવાનને શિરે લગાડીએ છીએ તેમ મનના ઓરસિયા પર 'હું પણાનું લાકડું' ઘસી ઘસીને,હું પણું ઓગાળતા જઈને ઈશ્વરના ચરણે સમર્પિત કરતાં જવું પડે.આને લીધે ઈશ્વર પરની શ્રદ્ધા–વિશ્વાસ પણ બળવત્તર થાય છે.

આ બધા સ્વપ્રયત્નોથી સુખી હોવાનું જે સ્વપ્ન સેવતા હોઈએ તે સાકાર કરવું પડે.

સર્વે ભવન્તુ સુખિનઃ
સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાણી પશ્યન્તુ,
મા કશ્ચિદ્ દુઃખ ભાગ્ભવેત્

આ મંગલકામના સાથે સૌને નૂતન વર્ષાભિનંદન!

## બેક ગ્રાઉન્ડ કલરની અહેમિયત

ફાલ્ગુની વસાવડા,ભાવનગર.
મો.૯૦૧૬૨૩૩૭૧૨

ઋજુતા પોતાની બેગ તૈયાર કરી રહી હતી.કારણ કે આ વર્ષે એની સગાઇ થતાં પોતાના સાસરે દિવાળી કરવા જવાનું હતું અને તેના તન મનમાં ઉત્સાહ દેખાતો હતો.પતંગિયાની જેમ આમથી તેમ કૂદાકૂદ કરતી તેની દીકરીને રશ્મિ જોઈ રહી હતી.ઋજુતાના નાના ભાઇ ઋત્વિકે તેની મસ્તી કરી અને કહ્યું..'દીદી ક્યાં જવાની આટલી તૈયારી કરી રહી છો! એટલે તેણે સહજતાથી જવાબ આપ્યો કે કાલે મારે મારા ઘેર જવાનું છેને,એટલે બધી તૈયારી કરૂં છું.રશ્મિ મનોમન વિચારતી હતી કે સ્ત્રી માટે કેવી અજીબ વાત છે નહી કે જે ઘરમાં ઉછર્યા હોય તે પોતાનું કહેવાતું નથી અને પરણ્યા ને એક દિવસમાં પારકું ઘર પોતાનું થઈ જાય છે.

રશ્મિને ઘરકામમાં પરવારી જતી જોઈને ઋજુતા એને પોતાના રૂમમાં ખેંચી ગઇ.અને કહ્યું, 'મમ્મી જો તો બધું બરાબર છેને?કે પછી કંઈ વધારે લઈ જાઉં.શું મારે ત્યાં રોજ સાડી પહેરવી પડશે?એવો એક એણે સવાલ કર્યો.રશ્મિએ એને ઉત્તર દીધો કે ના એવું જરૂરી નથી.પરંતુ તે છતાં રોનકના મમ્મીને એકવાર પૂછી લેજે! ઓહ..મમ્મી શીટ..તો તો મારે એક બીજી બેગ થશે.સાડી માટે તો કેટલું લેવું પડે? રશ્મિએ કહ્યું કે બેટા,આજકાલ તો હવે જમાનો ઘણો સુધરી ગયો છે.અને કોઈ રિસ્ટ્રિકશન હોતું નથી,પરંતુ આપણે પૂછીએ તો સારૂં લાગે.અને કોઇને ગમતું કરવાથી એ ખુશ થતા હોય તો એ કરવું જોઇએ.એવું મારૂં માનવું છે. રોનકના મમ્મી રાખીબેન પણ મોર્ડન વિચારધારા ઘરાવે છે એટલે એ પણ એના વિચારો તારી ઉપર થોપે નહી પરંતુ એ ઘરમાં હજી તું પહેલી જ વાર જાય છે.એટલે સ્વાભાવિક રીતે જ એના વિચારની ખબર ન હોય,તેમ એ લોકોને પણ તારા સ્વભાવની ઝાઝી ખબર ન હોય તો પૂછીને દરેક વસ્તુ કરવી જેથી આપણને કે એને મનદુઃખ ના થાય! રશ્મિ ઋજુતાને સમજાવી રહી હતી ત્યાં જ ડોરબેલ વાગી...અને ઋજુતાના બે પાર્સલ આવ્યાં એટલે તે લેવા દોડી.રશ્મિ વિચારતી હતી કે જમાનો ઘણો બદલાઇ ગયો છે...મારે પણ શોખ સંસ્કારની જૂની પુરાણી કેસેટ વગાડવી જોઈએ નહી.આમ કરી પોતે ત્યાંથી ઊભી થઇ અને બહાર આવી.આજે સવારથી ઘણું બધું કામ હોવાથી મોબાઈલ જોયો નથી.એટલે વળી પાછી કિચનમાં નાસ્તાની તૈયારી માટે જવું પડશે.વેવાઈને ઘેર પણ મીઠાઈ નાસ્તો મોકલવો પડશે. હજી તો મોબાઈલ હાથમાં લીધો ત્યાંજ ઋજુતા આવી અને કહ્યું.શું મમ્મી તું પણ! બે મિનિટ બેસને! જો મને ખબર જ હતી કે કે તું સાડીનું કહીશ.એટલે મેં બે બ્લાઉઝ ઓનલાઈન મંગાવ્યાં છે.અત્યારે તો મને હવે કોણ સીવી દે? દિવાળી અને નવું વર્ષ બે દિવસ જ સાડી પહેરીશ હો! રશ્મિ મનોમન ખુશ થઇ કે ચાલો, થોડાક તો માન આમન્યાના સંસ્કાર છે!એ હોંશથી બતાવી રહી હતી.બ્લાઉઝ એકદમ લેટેસ્ટ ડિઝાઇનના હતાં,પણ એ તો ચાલે હવે! બધું જ આપણુ કહયું જ કરે એવું પણ જરૂરી નથીને?એમ કરી મન વળાવી લીધું અને દીકરીને બાકીના દિવસોમાં શું પહેરવું એ બધી તૈયારીઓ કરાવી દીધી.રશ્મિ વિચારતી હતી કે કપડાંલતાં પહેરવાથી જ સમજુ અને સંસ્કારી છે એવું થોડું સાબિત થાય કારણ કે આજકાલ તો દીકરીઓને હવે ઘરકામ કરવાની જ આદત રહી નથી.ભણવા માટે બહાર નીકળી ગયા હોય એટલે કંઈ જવાબદારીપૂર્વકનું કામકાજ કર્યું જ ન હોય.જોકે એમ તો પોતે ઋજુતાને ઘણું બધું શીખવ્યું છે.એટલે વાંધો નહી આવે.પણ તોયે માનું હ્રદય હતું એટલે ચિંતિત હતી.રશ્મિનો

દીકરો ઋત્વિક ઉંમરમાં નાનો હતો,પણ મમ્મીની પરેશાની સમજી ગયો.અને પાસે આવી કહયું,'ડોન્ટવરી મોમ! એવરીથીંગ ઇઝ ફાઈન,એન્ડ દીદી સબ કુછ સંભાલ લેગી હૈ ના દીદી,વર્ના જીજુ સંભાલ લેંગે! ઋજુતા ઉભો રે'જે હો એમ કરી એની પાછળ દોડી.આમ દસેક મિનિટ ભાઇ બહેન વચ્ચે મીઠી નોકઝોક ચાલી.

પૂરા બે કલાક રસોડામાં નાસ્તા વગેરેનું કામકાજ પતાવી બહાર ડ્રોઈંગ રૂમમાં આવી અને મનોમન બોલી કે,આ વખતે તો હજી પણ ઉકળાટ થાય છે,નહીં તો અત્યારે શિયાળાની શરૂઆત થઈ ચૂકી હોય.પોતાનો મનપસંદ શો ચાલ્યો ગયો હોવાથી મોબાઇલ હાથમાં લીધો ત્યાં જ એણે જોયું કે ઋજુતાનું મોઢું પડી ગયું છે.એ તેની નજીક ગઈ અને પૂછયું શું થયું? અચાનક ઋજુતા રશ્મિને વળગીને રડવા લાગી. અને કહયું કે રોનકની રજા છેલ્લી ઘડીએ કેન્સલ થઈ એટલે હવે રોનક છેક દિવાળીને દિવસે સવારે પહોંચશે! મેં કેટ કેટલા પ્લાન કરી રાખ્યા હતા ને બધા ઉપર પાણી ફરી ગયું.વિચારૂં છું કે હું પણ આવતીકાલની ટિકિટ કેન્સલ કરાવી અને બે દિવસ પછીની લઇ લઉં,જેથી મારે ત્યાં એકલા બોર ન થવું પડે.રશ્મિ સાંભળતી હતી અને દીકરીને આશ્વાસન આપતાં બોલી,બેટા આનું નામ જ જિંદગી છે.હજી તો તમે શરૂઆત કરી નથી.બાકી તો જીવન આવા કેટલાય મોડ ઉપરથી પસાર થશે.જેમાં ઘણીવાર આપણને એવું થાય કે આપણું તો કોઈ અસ્તિત્વ જ નથી અથવા તો આપણને જોઈએ એટલું માન સન્માન મળતું નથી! સમયના દરેક મોડ પર આપણું જ વિચારેલું કે ધાર્યું થાય એવું ક્યારેય બનતું નથી.અને આ બધાની તારે પણ ટેવ પાડવી પડશે.એણે ગુસ્સામાં કહયું કે હું એક પણ ટેવ પાડવા માંગતી નથીઇન્ફેક્ટ હું લગ્ન જ કરવા નથી માંગતી!આમ ખીજાઇને એ ત્યાંથી ઊભી થઈ ગઈ.

ધનતેરસને દિવસે ઋજુતાને જવાનું હતું પણ હવે એ ના પાડતી હતી.રશ્મિ ઈચ્છતી હતી કે ઋજુતા ત્યાં પોતાના કાર્યક્રમ મુજબ જ જાય કારણ કે,ઋજુતાને માત્ર રોનક સાથે જ સંબંધ બાંધવાનો નથી.એ આખા ઘર પરિવાર સાથે તેનો નાતો જોડાય રહયો છે.એ તેને સમજવાનું છે એટલે એ લોકોના સ્વભાવ સમજવા ઋજુતા માટે બહુ જ જરૂરી છે.એ જ રીતે રાખીબેનને પણ ઋજુતાના સ્વભાવનો પરિચય થાય.પરંતુ રોનકના છેલ્લી ઘડીના ફેરફારને કારણે બધા જ પ્રોગ્રામો વિખેરાઇ જશે એવું એમને લાગતું હતું.એવું એમને લાગતું હતું પણ ઋજુતા જાય તો સારૂં એવું એ માનતી હતી અને એટલે જ મનોમન ઈશ્વરને પ્રાર્થના પણ કરતી હતી કે હે હાટકેશ્વર દાદા ઋજુતાને સદ્બુદ્ધિ આપો.જોકે એને આશા પણ હતી કે એની દીકરી જશે.

ઋત્વિક આ બધી જ વાતથી અજાણ હતો,એટલે એણે ઋજુતાને કહયું દીદી કાલે તો તું ચાલી જઈશ..આપણા આંગણામાં રંગોળી કોણ કરશે? ચાલને આજે જ કરી લઈએ! ઋજુતાએ કહયું કે હું ક્યાંય જવાની નથી.આમ કરી પગ પછાડતી ઊભી થઇ ગઈ..એ ખીજમાં હતી ત્યાં જ રાખીબેનનો ફોન આવ્યો.ગળામાં ડૂમો ભરાઇ ગયો હતો અને મન પણ ઉદ્વિગ્ન હતું છતાં વાત તો કરવી જ પડશે એમ લાગતાં એણે ફોન રિસિવ કર્યો,અને કહયું પ્રણામ આન્ટી! સામે છેડેથી રાખીબેન બોલ્યાં,સદા સુખી થાઓ.ઋજુતાએ હજી પોતાનો પ્રોગ્રામ જણાવ્યો નહોતો..એટલે એમણે પૂછયું કે ઋજુતા,તારો કાલનો શું પ્રોગ્રામ છે?તું ક્યારે નીકળે છે તે મને જણાવી દે તો હું ડ્રાઇવરને તેડવા મોકલું..તારે બસમાં આવવાનું નથી..ઋજુતાથી રોવાઇ ગયું એટલે રશ્મિબેને ફોન લેતાં કહયું કે ના ના તમે એવી તકલીફ ના લેશો.ઋજુતા બસમાં જ આવી જશે.આ ઉંમર તો સંઘર્ષ કરવાની છે.બસ સ્ટેન્ડ પર ડ્રાઇવરને ચોક્કસ મોકલજો.રાખીબેને કહયું કે ઋજુતા કેમ રડવા લાગી?પછી પોતાને ખ્યાલ આવતાં બોલ્યાં કે

કાલે ન આવવા ઈચ્છતી હોય તો કોઇ જ દબાણ નથી પરંતુ આવશે તો અમને જરૂર ગમશે..અમે પણ એને ખૂબ મજા કરાવીશું.તમે જરાય ચિંતા કરશો નહી.આમ બીજી વ્યવહારની વાતો કરી રાખીબેને ફોન મૂકી દીધો.

રશ્મિ ઋજુતા પાસે આવી અને તેના માથા ઉપર હાથ ફેરવ્યો એટલે ઋજુતા તેને વળગીને રડવા લાગી.રશ્મિએ તેને થોડું રડી લેવા દીધી અને પછી ઋત્વિકને સંબોધીને કહયું ઋત્વિક રંગોળી માટેની તૈયારી કર,આપણે બધા ભેગાં મળીને રંગોળી બનાવીએ! ઋજુતા ના..ના..કરતી હતી તોય રશ્મિ પરાણે આંગણામાં લાવી અને એને ગમતી ડીઝાઇનની રંગોળી માટે મીંડાં પાડ્યાં.રંગોળી કરવી ઋજુતાને બહુ જ પસંદ હતી એટલે તરત જ મૂડમાં આવી ગઈ અને અહીં આ કલર સારો લાગશે અને પેલા નાના ફૂલમાં પીન્ક.મોટામાં રેડ અને સાવ ખૂણાના ફૂલમાં ઓરેન્જ સારો લાગશે.આમ એક પછી એક એમ બધા રંગ સેટ કરી દીધા.પછી બાકીના કલર ઉપર ઘ્યાન જતાં એ બોલી,મમ્મી બેક ગ્રાઉન્ડ માટે ગ્રે કે બ્લેક કલર તો લાવ્યાં જ નથી..હવે તો રંગોળીનો ઉઠાવ જ નહી આવે! રશ્મિ ક્યારની આ વાક્ય સાંભળવા આતુર હતી.એણે કહયું ઋજુતા,તારી વાત એકદમ સાચી છે કે બેક ગ્રાઉન્ડ કલર વગર રંગોળીનો ઉઠાવ આવે જ નહી. પણ ઋજુતા તને ખબર છે બેક ગ્રાઉન્ડ કલર તરીકે ડલ કલર અથવા બ્લેક કલર કેમ પૂરવામાં આવે છે? ઋજુતાએ કહયું બેલેન્સ કરવા માટે એ બહુ જરૂરી છે.ઓહ..મમ્મી તું પણ શું! એટલી તો મને ખબર છે ને હું નાની હતી ત્યારની રંગોળી કરૂં છું..અને રંગોળી માટે તો મને કેટલા ઇનામો પણ મળ્યાં છે.રશ્મિ એક મિનિટ માટે મૌન રહી અને પોતાની લાડકી દીકરીને જોતી રહી.

રશ્મિએ ઋજુતાને પોતાની પાસે બેસાડીને માથામાં હાથ ફેરવતાં કહયું..બેટા! બસ એ જ રીતે જીવતરની રંગોળીમાં પણ રંગ બેલેન્સ થાય એ બહુ મહત્વનું છે અને તો જ એનો પણ ઉઠાવ આવે અથવા દામ્પત્ય દીપી ઉઠે.ઋજુતા મમ્મી સામે જોઇ રહી કે મમ્મી કહેવા શું માગે છે?એણે પોતાની વાત આગળ વધારતાં કહયું કે ખુશીના રંગનું મહત્વ સમજવા માટે જીવનમાં કોઈ ગમ કે ઉદાસીનો અનુભવ કરવો બહુ જરૂરી હોય છે.અને ત્યારે જ આપણને મળેલી ખુશીનું સાચું મૂલ્યાંકન થાય છે.અને એને માણવાની મજા આવે છે.જો,મારી વાત સાંભળી અને સમજવાની કોશીષ કરજે.સાચું કહેજે જો રોનકના પ્રોગ્રામમાં ફેરફાર ન થયો હોત તો એનું કેટલું ખેંચાણ છે અથવા પ્રેમ છે,કશિષ છે તે કેમ ખબર પડત અને બીજી વાત તારા લગ્ન રોનક સાથે થવાના છે અને હમણાં બપોરે જ કહેતી હતી કે આવતી કાલે તારા ઘરે જવાની છે તો એ ઘર–પરિવાર અને એમના સગા સંબંધીઓ સાથે તારો સંબંધ જોડાવાનો છે.માત્ર રોનક સાથે નહીં.દીવાળી જેવો તહેવાર છે.દીકરી વહુ આવશે..એ ઉત્સાહથી એમણે કેટલીય તૈયારી કરી હશે! હવે રોનક નહીં આવે એ સાંભળીને એમને પણ દુઃખ તો થયું જ હશેને? હવે તું પણ નહી જાય તો તહેવારના દિવસોમાં એ લોકો સાવ એકલા પડી જશે.તું જાય તો એને સારૂં તો લાગશે પણ એથીય વધુ તારૂં એમની સાથેનું બોન્ડીગ ઝડપથી મજબૂત કરવાની તક તને મળી છે,એવું મને તો લાગે છે.હજી તો આ જીવનની રંગોળીમાં એવા કેટલાય રંગો ઉમેરાશે કે જેની તને કલ્પના પણ નથી.પરંતુ એક વાત યાદ રાખજે કે જેમ રંગોળીમાં વિવિધ રંગના પરફેકશનનું મહત્વ છે,એ જ રીતે ક્યા સમયે ક્યા રંગ એટલે કે ભાવને પ્રદર્શિત થવા દેવો એ પણ એટલું જ મહત્વનું છે.તો બોલ,શું કરવું છે?..રાખીબેનને ફોન કરીને ના પાડી દેવી છેને?ઋજુતા રિ

અને બોલી..ના મમ્મી હું જઈશ! એ પરિવારને અપનાવવા હવે તન મનથી તૈયાર છું.હવે મને જીવતરની રંગોળીમાં બેક ગ્રાઉન્ડ કલરની અહેમિયત સમજાઇ ગઈ છે.

રશ્મિબેનએ રાખીબેનને ફોન કરી કહયું કે ઋજુતા આવતીકાલે સવારે નીકળીને આવે છે.રાખીબેન એકદમ હરખાઇ ગયાં,અને કહયું ઋજુતા આવે છે એ સાંભળીને અમારો ઉત્સાહ વધી ગયો છે.અને હવે તમારે મારી એક વાત માનવી પડશે..રશ્મિએ પૂછયું શું? હવે ઋજુતા બસમાં નહી આવે ડ્રાઇવર ત્યાં પહોંચી જશે.ઋજુતા અમારૂં વિચારીને પહેલીવાર રોનકની ગેરહાજરીમાં આવે છે! તો અમારી પણ ફરજ બને છે કે અમે પણ એની સુવિધાનું વિચારીએ.રશ્મિએ ખૂબ ના પાડી પણ રાખીબેન ન જ માન્યાં..અને અંતે ડ્રાઇવર ગાડી લઈને આવતાં ઋજુતા સાસરે પહોંચી ગઈ.તેને હવે એની મમ્મીની વાત બરાબર સમજાઇ ગઈ હતી અને પૂરા મનથી સૌને સમજવાની કોશિષ કરતી હતી.રાત્રે રોનકના પપ્પાને મમ્મીએ ઋજુતાને એક સરપ્રાઇઝ ગિફટ આપી અને કહયું કે અમારા પરિવારની તો તું જ ગૃહલક્ષ્મી છો..એટલે અમે નક્કી કર્યું કે આ રીતે લક્ષ્મી પૂજા કરવી છે.ઋજુતાએ બોક્સ ખોલ્યું તો એકદમ લેટેસ્ટ ડીઝાઈનનો રીયલ ડાયમંડનો સેટ હતો.ઋજુતાએ કહયું કે એની જરૂર નથી,પણ એમણે કહયું કે એ તારો હકક છે.રાખીબેને કહયું કે તમારી સગાઇ થઈ ત્યારે જ તારા વખાણ કરતાં કહેતા હતા કે રશ્મિબેનની દીકરી છે પછી કહેવાનું શું હોય?અને તેં સાચું સાબિત કરી દેખાડયું.ઋજુતાને પણ પોતાની મમ્મી પર માન થઇ ગયું..કારણ એણે ન સમજાવ્યું હોત તો કેમે કરીને આ બેક ગ્રાઉન્ડ કલરની અહેમિયત સમજાઇ ન હોત.

---

## જિંદગી કેરી દીપાવલી

જસ્મીન દેસાઈ 'દર્પણ',રાજકોટ.
મો. ૯૪૨૮૩૪૯૮૧૨

જિંદગીનું બીજું નામ જિંદાદિલી છે અને આપણે જ્યારે એક સામાજિક પ્રાણી છીએ ત્યારે સંબંધોની ગૂંથણીમાં તો રહેવું પડશે. આપણે આપસ આપસ રહીને જિંદગી કેરી રોજ રોજ સમજ, ધીરજ, પ્રેમ નિઃસ્વાર્થ અને સદ્દભાવના જેવા અનેકો ગુણો થકી દીપાવલી જ સમજી– સ્વીકારીને ઉજવવાની છે.

આપણે ભાવના કરીએ કે એક પાવક દીપ જ્યોત આપણા મન– પ્રદેશને જ્ઞાનના પ્રકાશ થકી પ્રકાશવંત કરીએ અને હળીમળીને એક 'મીઠાશે' રહીએ.

જંદગી છે તો હસવું– રડવું, મિલન–જુદાઈ તો હશે પરંતુ એકમેકના પ્રેમભર્યા વ્યવહાર થકી આ સઘળું કરી લઈએ જેમાં હસવા–મિલનના અવસરે ઉન્મત બન્યા વિના તેને ખૂબ માણી લઈએ રડવા – જુદાઈના પ્રસંગે એકબીજાના સથવારે શાંત થઈને સહન કરી લઈએ. કયાંય છકી જવાનું નથી, કયાંય ડૂકી જવાનું નથી, ભાંગી જવાનું નથી. આપણે તો એવી જિંદગી કેરી દીપાવલિ ઉજવવાની છે.

આપણે આપણી 'કિતાબ' ખુલ્લી રાખીએ, એવા સદ્ભાવી હૃદય રહીએ.
પડકારોમાં સાથે રહીને એને ઝીલીએ... આપણે તો એવી દીપાવલિ ઉજવીએ.

મારું મારું તજીને, કર્તા–ભોક્તાનો ભાવ તજીને, અહંકાર, ક્રોધ, રાગ, ધિક્કાર, સ્વાર્થ ત્યજીને હળીમળીને આનંદ કેરાં ફુલઝર કરીએ. એવી એકમેકના બની જવાની ભાવનાની રંગોળી કરીએ. જીવન – આંગણે એમ દીવડા ઝગમગાવીને રંગબેરંગી જિંદગીને માણીને એવી દીપાવલિ ઉજવીએ.

હા, રંગબેરંગી જિંદગીમાં રંગ શ્યામ પણ હશે. આ રંગ શ્યામ બને શ્વેત જો હૃ
આમ , સર્વે કરતાં પ્રભુને ભૂલવાનો નથી, ભક્તિની પ્રસાદી તો અનેરી છે.
બસ, ચાલો માણીએ, જિંદગી કેરી દીપાવલી.
આનંદ કેરા ગુલાલ ઉડાડીએ. એક સદ્દભાવના કેરા દીવડાઓ વડે રોશની કરીએ,
એવી જ રંગો ભરી રંગોળી કરીએ અને જીવન યાત્રા શોભાવીએ.

# ઈશ્વરનું વરદાન

વિરલ એમ. વોરા, ભુજ.
મો. ૯૮૭૯૨૫૮૭૫૩

(સત્ય ઘટના પર આધારિત..ફક્ત પાત્રોના નામ બદલેલ છે.)

પવનભાઈ આમ તો બી.એ.પાસ થયેલા અને બે ત્રણ ઠેકાણે નોકરી પણ કરેલી પણ ખાસ જામ્યું નહીં એટલે ભાડેથી રીક્ષા લઈ અને રીક્ષા ચલાવે.ઘર ચાલ્યું જાય.પવનભાઈને એક નાની બેન પણ હતી..બીના.બીનાના લગ્ન છેક મધ્ય પ્રદેશમાં થયાં હતાં,લગ્નને દસેક વરસ થઈ ગયાં હતાં પણ સંતાન સુખ નહોતું મળ્યું. પવનભાઇ ના પોતાના લગ્ન પણ બહેનના શહેરમાં સુનિતા સાથે થયેલ હતાં એટલે વર્ષમાં એકવાર પત્નીને મધ્યપ્રદેશ મૂકી આવે અને બહેન બીનાને લેતા આવે.વેકેશન પતે એટલે બહેનના વર ને પવનભાઇનો સાળો સુનિતાને લેતો આવે.બીનાને લેતા જાય.પવનભાઇનો આમ સુખી સંસાર હતો, પણ બહેનને સંતાન સુખ નહીં એ વાત એમને મનમાં ખટકતી પણ, કુદરત આગળ સૌ લાચાર.

પવનભાઈની રીક્ષા ખાસ કરીને શહેરના ખ્યાતનામ મેટરનિટી હોમ પાસે જ હોય કારણ કે ત્યાંથી દૈનિક ઘરાક ઘણા મળી રહે.પવનભાઇના મેટરનિટી હોમના તમામ સ્ટાફ સાથે પણ સારા સંબંધ. ડોક્ટર પણ તેમને સારી રીતે ઓળખે.

એક દિવસે મેટરનિટી હોમમાં એક કેસ આવ્યો..સાધનસંપન્ન પરિવારની અઢારેક વર્ષની છોકરી પૂરા દિવસો સાથે દાખલ થઈ.આ પરિવારને પવનભાઇ જ રીક્ષામાં લઈ આવ્યા હતા.છોકરીનો પ્રેમી એને ફસાવીને પાણીમાં બેસી ગયો હતો.એબોર્શન શક્ય ન હતું.એટલે પરિવારના સભ્યોની ના ઈચ્છા છતાં દીકરીનો જીવ બચાવવા બાળકને જન્મ આપવો જ પડે તેમ હતું.મેટરનિટી હોમના સ્પેશિયલ રૂમમાં ગૂસપુસ કરતા હતા કે સમાજ આ ઘટનાથી અજાણ હતો એટલે બાળકને કોઈપણ હિસાબે ઘેર તો લઇ જઈ શકાય તેમ નથી.એકવાર હોસ્પિટલમાંથી રજા મળે એટલે બાળકને કોઈ અજાણી નિર્જન જગ્યાએ મૂકી આવશું.આ સમગ્ર ચર્ચા રૂમની બહારથી આયાબેન સાંભળી ગયાં અને એમનું હૃદય દ્રવી ઊઠયું.હજી તો બાળકે સંસારમાં જન્મ પણ નથી લીધો ત્યાં એના આવા હાલ થશે?શું આવનાર બાળકની માતાની આ કૄરતામાં મંજૂરી હશે? કે પરિવારની પ્રતિષ્ઠા સામે એનું કાંઈજ નથી ચાલ્યું?

આયાબેને આ સમગ્ર ઘટનાની જાણ હેડ નર્સને કરી.તે પણ આ વાત સાંભળી ચોંકી ઉઠયાં.એને આ બાળકને કોઈપણ હિસાબે જીવતદાન આપવાનું નકકી કર્યું.પણ બાળકને બચાવવું કઈ રીતે? કાયદાકીય રીતે તો બાળકના વાલી આ પરિવાર જ બને.અને અત્યારથી જ દત્તક આપે કેમ! એમાં ઘણા બધા પ્રશ્નો ઉભા થાય.ઘણી વિચારણાના અંતે એમને પવનભાઇ અને તેમની બેન બીના યાદ આવી.એમણે મનમાં ફેંસલો કર્યો અને આયાબેનને કહયું કે પવનભાઇને મારી પાસે મોકલ.અને હા,એ આવે ત્યારે અમારી આસપાસ કોઈ ન હોવું જોઇએ.આયાબેન,પવનભાઇને બોલાવી આવ્યાં.પવનભાઇ હેડ નર્સ પાસે આવ્યા અને પૂછયું,બેન! મારી શું જરૂર પડી?હેડ નર્સ બહેને પવનભાઇને પૂછયું કે પવનભાઇ! બીનાને કોઇ સંતાન સુખ નથી પણ જો એમને દત્તક બાળક મળે તો એ અપનાવશે?પવનભાઇ વિચારમાં પડી ગયા.હેડ નર્સ એ આ વાત કોઇને ન કહેવાની શરતે તમામ ઘટનાક્રમની જાણ પવનભાઇને કરી.

પવનભાઈએ તરત જ બીનાને મોબાઈલ લગાડયો અને પૂછયું કે બેન તને બાળક દત્તક જોઈએ? બીના પણ વિચારમાં પડી ગઈ પણ બાળક મળવાની ખુશીમાં એ હરખઘેલી થઈ ગઈ ને પવનભાઈને હા પાડી.પવનભાઈએ એને તાબડતોડ પોતાના શહેર આવવા કહયું અને હેડ નર્સ બેનને હા પાડી કે તેની બેન આ બાળકને અપનાવશે.

હેડ નર્સ બેને પરિવારના મોભીને બોલાવ્યા અને એકલામાં થોડીક કડક ભાષામાં ઉલટ તપાસની રીતે પૂછ્યું કે શું તમારા લોકો વચ્ચે આવનાર બાળકને નિર્જન જગ્યામાં ફેંકી દેવાની વાત થઈ હતી? પરિવારના મોભી ચોંકી ઉઠયા કે હેડ નર્સ બેનને કેવી રીતે ખબર પડી ગઈ? પણ હેડ નર્સ આગળ એમનું ચાલ્યું નહી અને એમણે કબુલાત કરવી પડી કે હા અમારા પરિવાર વચ્ચે આવી વાત થઈ હતી. હેડ નર્સ બેને પરિવારના મોભીને પૂછયું કે જો પરિવારના લોકો આ બાળકનો કાયમી ત્યાગ કરવા તૈયાર હોય તો એમના ધ્યાનમાં એક પરિવાર છે જે આ બાળક અપનાવવા તૈયાર છે.

મોભીએ પરિવારના સભ્યો સાથે ચર્ચા કરી અને આવનાર બાળકને હેડ નર્સ બેનને સુપ્રત કરવાની સ્વીકૃતિ આપી.છોકરીને સુંદર દીકરો જન્મ્યો. મધ્યપ્રદેશથી પવનભાઈની બેન પણ આવી ચૂકી હતી. હેડ નર્સ દ્વારા ડોકટરને પણ સમગ્ર ઘટનાક્રમની નિખાલસતાથી વાત કરવામાં આવી.ડોકટર પણ આ બાબત પોતાની સંમતિ આપી ચૂક્યા.આખરે એક બાળકનો જીવ બચતો હતો અને એક પરિવારને સંતાનનું સુખ પ્રાપ્ત થતું હતું.

જન્મેલ બાળકને હેડ નર્સ બેનને સુપ્રત કરીને છોકરીનો પરિવાર પોતાને ગામ ચાલ્યો ગયો. હોસ્પિટલમાં બાળકની સાર સંભાળ રાખી પવનભાઈની બેન બીનાને સોંપવામાં આવ્યું.બીનાના પરિવારે દીકરાનું નામ રાખ્યું વરદાન! આખરે તો ઈશ્વરના આશીર્વાદથી જ આ સુખ એમને મળ્યું હતું!

---

**લગ્ન વિષયક જાહેરાત :**

બરછીના શરૂઆતના સમયથી જ વિના મૂલ્ય(નો ચાર્જ) લગ્ન વિષયક જાહેરાત છાપવામાં આવે છે. આપના સંતાન માટે યોગ્ય પાત્રની શોધમાં હો તો આપ ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર વીગત– 'બાયોડેટા'– મોકલી શકો છે.

(૧) એમ.એસ.(ડોકટરેટ),જ.૯/૧૯૯૬,ઉ.૫'.૬" કેનેડા સ્થિત કન્યાને (યુ.એસ./કેનેડા સ્થિત) યોગ્ય સમકક્ષ યુવક.સંપર્ક:૯૩૧૬૬૪૦૦૨૭

(૨) એમ.એસ.(કોમ્પ્યૂટર),જ.૭/૧૯૯૬,ઉ.૬", એમેઝોન કંપનીમાં નોકરી કરતા યુ.એસ. સ્થિત યુવકને યોગ્ય સમકક્ષ કન્યા.સંપર્ક:૯૩૧૬૬૪૦૦૨૭

(૩) બી.ઈ.(સી.ઈ) જ.૩/૧૯૯૬,ઉ.૫'.૯" કેનેડા ખાતે ન્યુ વર્લ્ડ ફીકશન કંપનીમાં સ્ટોર મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા.સંપર્ક:૯૬૬૨૪૮૫૧૮૧

(૪) એમ.કોમ.(ફાઈનાન્સ),જ.૧૧/૧૯૯૭,ઉ.૫'.૬",રાજકોટ ખાતે એચ.જે.સ્ટીલ પ્રા.લી. કંપનીમાં એકાઉન્ટસ એક્ઝિક્યુટીવ તરીકે નોકરી કરતા યુવકને યોગ્ય કન્યા.સંપર્ક : માસા–૯૪૨૬૯૯૬૦૧૨૯/ઘર્માગ–મો.૯૫૮૬૩૭૪૯૯૮

MANY OPTIONS TO CREAT WEALTH UNDER ONE ROOF...DO VISIT...

# OZA INVESTMENT POINT

Are you tired of dealing with the different financial agent and looking for a place where you can get all the need-based investment and insurance solution, so why are you waiting? Contact us...

**We are providing various financial need base solution through products like...**

- **Mutual funds**
- **ETF**
- **Life insurance**
- **General insurance**
- **PMS (portfolio management services)**
- **LAS (loan against security)**



**We rendering our services for...**

- **Tax planning**
- **Child education planning**
- **Child marriage planning**
- **Retirement planning**

*We have vast experience of manage retirement fund and post-retirement income planning.

*Currently we are managing **50cr ASSET UNDER MANAGEMENT (AUM)** and 400+ customers across the globe.

**For knowledge and interesting financial news**
**Like us on facebook @OZA INVESTMENT POINT**

For wealth creation visit :
**OZA INVESTMENT POINT**
315, NEO SQUARE,
Near INCOME TAX OFFICE,
P.N MARG,
Jamnagar 362 008 (Gujarat)

**Email: ozainvestment@gmail.com**

**We are at your service**
**Contact :**

**Rajendra D. Oza**
**9824254793 / 8200904905**

**Utkarsh Oza**
**9426180196 / 9499785930**




## ટિકિટ માટે સંપર્ક કરો : 9426281227

## નાગર જ્ઞાતિના લેખક,દિગ્દર્શક અને કલાકારોથી સભર..
## એક પ્ર–પંચકોણ સસ્પેન્સ ગુજરાતી ફિલ્મ 'પેન્ટાગોન'...
## તા. ૧૧ ડિસેમ્બરના રિલીઝ થઈ ગઈ છે..જોવાનું ચૂકશો નહિ

આપણી જ્ઞાતિમાં દરેક કલાના ક્ષેત્રે અસંખ્ય પ્રતિભાઓ છે..જે દરેકને તક નથી મળતી પણ જેને તક મળે છે તે મળતાં જ ખીલે છે..આજે યુવાનોથી પ્રૌઢ વયના કલાકારો પેન્ટાગોન ફિલ્મમાં પણ પોતાની અભિનય કલાના ઓજસ પાથરી રહયા છે..સર્જક અને સર્જનને જ્ઞાતિથી પર રાખીએ પરંતુ 'આપણા તરીકેની લાગણી' અને ગર્વ અનુભવવા જણાવીએ તો અનેક જ્ઞાતિ કલાકારો સભર..એક પ્ર–પંચકોણ સસ્પેન્સ ફિલ્મ પેન્ટાગોનના સ્ક્રિપ્ટ તેમજ સ્ક્રીનપ્લે રાઈટર હર્ષલ માંકડ 'હેયાન' અને રક્ષિત વસાવડા છે. ફિલ્મનું દિગ્દર્શન પણ રક્ષિત વસાવડાનું છે. કલાકારો તરીકે હર્ષલ માંકડ, હર્ષિત ઢેબર,ધીરેન વસાવડા, અભિલાષ ઘોડા,તૃપ્તિ ઓઝા,ચેતસ ઓઝાએ અભિનય આપ્યો છે..જીવનના મંચ ઉપર પોત–પોતાના કિરદાર સફળ રીતે ભજવી જાણનાર આ જ્ઞાતિજનોએ રંગમંચ–ફિલ્મમાં પણ પોતાના ભાગે આવતો 'રોલ' શ્રેષ્ઠ રીતે ભજવી જાણ્યો છે.જ્ઞાતિ કલાકારો ઉપરાંતના કલાકારોમાં મોના શાહ,ચેતન ટાંક,ખુશી વ્યાસ, કુકુલ તારમાસ્ટર, માનીન ત્રિવેદી,નયન શાહ,ડો.રાજેશ તેલી,અરવિંદ રાવલ તથા મહેશ કોટેચાએ અભિનય આપ્યો છે.ગીતોમાં મયુર હેમંત ચૌહાણનો કંઠ સાંપડયો છે..નિર્માણ આર્ટ ક્રિએશન–નિલેશ ચોવટિયાનું છે. ફિલ્મનું શૂટિંગ લોકેશન ફિનિક્સ રિસોર્ટ અને રાજકોટ શહેર છે...એવી આ 'પેન્ટાગોન' ફિલ્મનો આધાર ભગવદ્ ગીતાના એક શ્લોકનો ભાવાર્થ છે..જેમાં પાંચ પાસાઓ,દ્રષ્ટિકોણ છે..અસત્યનો અતિરેક થાય ત્યારે સત્યને જીતવા શું કરવું જોઈએ કેવા પ્ર–પંચ રચાય–ખેલાય તેવા કથાનક સાથેની મનોરંજક છતાં વાસ્તવિકતાની નજીકની ફિલ્મ તા.૧૧ ડિસેમ્બરના રોજ રિલીઝ થઈ ગઈ છે..અમને વિશ્વાસ છે કે આપ આ ફિલ્મ નિહાળશો જ અને યુવા સરકાર બાદના બીજા સાહસને પણ વધાવશો જ.

# સમય આપો સમય મેળવો

નીલકંઠ અંતાણી, રાજકોટ.
મો.૮૩૨૦૦૪૫૫૯૦

વર્તમાન સમયમાં 'ટાઇમ મેનેજમેન્ટ'મોટો પડકાર છે.વિકાસ અને આધુનિકતાની દોટમાં આપણે લાચાર બની ગયા છીએ. શિક્ષા,સામાજીક મોભો,આર્થિક સગવડતા માટે લોકોની જીવનશૈલી બદલી ગઈ છે. વિદેશમાં આધુનિક જીવનશૈલી અને પૈસાની લાલચમાં પણ જીવન અસ્તવ્યસ્ત અને ઉચાટ ભરેલું થઈ રહયું છે.

'સોશ્યલ મીડિયા'નો દુષ્પ્રભાવ આસમાનને આંબી ગયો છે.તેના નિયંત્રણ વિનાના સહારાએ જીવનમાં શાન્તિ,સંતોષ અને સાચો આનંદ દૂર કરી દીધો છે,અને ઘણા લોકો વારંવાર 'મને મરવાનો પણ સમય નથી'એવી દલીલ કરે છે.

પરિવર્તન અને નવી દિશા તરફ દોટ મૂકતા હાલના 'સોશ્યલ મીડિયા'નું પ્રભુત્વ અને લાભોને કદિ પણ નજર અંદાજ કરી ન શકાય.તેમ છતાં તેના ભયસ્થાનો પણ ઓછાં નથી.જીવનને જકડી રાખનાર આ આધુનિક વ્યવસ્થા આપણા પરિવાર,મિત્રો અને કુદરતથી વિમુખ કરી રહી છે,જેને લીધે આપણે જીવનમાં સાચો આનંદ સંતોષ કે શાન્તિ મેળવી શકતા નથી.આના સંદર્ભમાં એક વિચાર જરૂર આવે છે 'ડીજીટલ' વ્યવસ્થાની સગવડ અને લાભને કારણે આપણો ઘણા વ્યવહાર માટેનો સમય ઘણી માત્રામાં ઓછો થઈ ગયો છે.હવેના જમાનામાં રેલ્વે/બસ/ વિમાનની ટિકીટો,કરિયાણાથી માંડીને જરૂરી માલ સામાનની જરૂરિયાત, વીજળી–ગેસ–ટેક્ષ વિગેરેનાં બીલો ભરવાં વિ.માટેની લાઈનોમાંથી આપણે છૂટકારો મેળવી લીધો છે. જેને લીધે અગાઉ જે કામકાજ, પ્રવાસ,મુલાકાતો વિ. માટે ઘણો સમય જતો તેમાં ખાસ્સી રાહત મળી છે.આ બધાથી આપણી પાસે પર્યાપ્ત સમય બચે છે, જેનો સરવાળો કરીએ તો આશ્ચર્યજનક પરિણામ આપણી સામે આવે.આપણે નિરાંતે બેસીને કદિ પણ બચી ગયેલા સમયનો બીજાં કાર્ય/પ્રવૃત્તિ માટે ફાળવવા માટેનો પ્રયાસ કર્યો છે?

આપણે ધારીએ–ધારીએ જ નહીં,અમલ પણ કરીએ–તો આપણને આ વધુ સમયનો વધુ સારો ઉપયોગ કેવી રીતે થઈ શકે તેનું સુંદર પરિણામ મેળવી શકાય.આપણી પાસે 'બચત' તરીકે રહેલા આવા સમયનો કોઈ જરૂરતમંદને મદદરૂપ થવામાં,સારા વાંચનમાં કે કુદરતના સાન્નિધ્યને સાકાર કરવાનું આયોજન કરીએ તો ચોક્કસ જીવનમાં હકારાત્મક ઊર્જા ભરી શકાશે અને જીવનનો સાચો આનંદ અને સંતોષ પામી શકીશું.

આજથી જ કોઈને સમય આપીને તમારા માટે વધુ સારો સમય મેળવવાની આ સુંદર તકને ઝડપી લો.આ માટેની ગુરૂચાવી અઘરી જરૂર છે, પરંતુ અશક્ય નથી.

કોઈને 'આપીને'આપણે 'મેળવેલો' આ સમય અને સદુપયોગ જ જીવનને ઉન્નત અને જીવી જવા જેવું બનાવશે અને સ્વાસ્થ્યપ્રદ ઉત્તરાવસ્થાનું વરદાન આપશે.

જીવનને જ્યોતિર્મય બનાવતું

# પંચપર્વ દીપાવલી

પરેશ અંતાણી, રાજકોટ.
મો. ૯૯૭૯૨૨૪૭૫૫

દીપાવલી એટલે જીવનને જ્યોતિર્મય બનાવતું પંચપર્વ..

દીપોત્સવી એટલે ઝળહળતો રોશનીનો તહેવાર...દિવાળી દેશનો સૌથી મહત્વનો પ્રભાવશાળી આનંદોત્સવ છે.ધર્મ અધ્યાત્મની દ્રષ્ટિએ આ મહાપર્વ સૌને સુખ,સંપત્તિ,શાંતિ–સમૃદ્ધિ પ્રદાન કરનાર છે.ઉપનિષદ અનુસાર માનવ જીવન એટલે અંધકારથી પ્રકાશ તરફ પ્રયાણ કરવાનો પુરૂષાર્થ...માટે જ દીપાવલી એટલે પ્રકાશપર્વ કહેવાયું છે.

## તમસોમા જ્યોતિર્ગમયઃ

ભારતીય સંસ્કૃતિ એ એક અદ્ભૂત જીવન દ્રષ્ટિ ધરાવે છે.તેના ધર્મ અધ્યાત્મમાં કોરી શુષ્કતા નથી.તેનામાં સામાજિક,આર્થિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું ઉત્કૃષ્ટ સમયોજન છે.તે સાથે તેમાં આનંદ રસ સાથે અધ્યાત્મરસનું સુંદર મિશ્રણ જોવા મળે છે.આવા દીપોત્સવ પર્વ સાથે બે પ્રાચીન પરંપરાઓ જોડાયેલી છે.દૈવીવિભાવની સામુહિક શક્તિના અવતરણ સમા મા જગદંબાએ દાનવોને હરાવ્યા.આસુર શક્તિ સામેના વિજયને દીપમાળાથી વધાવાયો.રામાયણ પ્રમાણે પિતાનું વચન પાલન કરવા રામચંદ્રજીએ ચૌદ વર્ષનો વનવાસ કર્યો. સમગ્ર આર્યવર્ત ને આત્મીય એક સૂત્રે બાંધ્યું અને રાવણ જેવી પ્રચંડ દૈત્યને હણીને અયોધ્યા પરત થયા ત્યારે અવધવાસીઓને શ્રી રામને વધાવવા ચોરે–ચૌટે દીવડાઓ પ્રગટાવી રંગોળીઓ અને સાથિયા પૂરાયા છે.સૌને હોઠે એક જ નામ છે...સીયારામ.

દિવાળી એ ધનતેરસ,કાળી ચૌદશ,દિવાળી,બેસતું વર્ષ અને ભાઈબીજ એમ પંચ પર્વ છે. પર્વાધિરાજની પ્રથમ ત્રણ રાત્રિ દરમિયાન બુદ્ધિ શક્તિ,પૂજા શકિત અને શારિરીક શકિતનું પ્રતિનિધિત્વ કરતા મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળી જેવી ત્રિશકિતનું પૂજન વંદન થાય.શરદ ઋતુની રાત્રિઓ ધ્યાન અને જપ માટે ઉત્તમ છે.ત્યારનું વાતાવરણ શાંત,શીતળ,રાત્રિ ફૂલોથી સુગંધિત હોવાથી માનવમન માં એ સમયે શુભ મનોરથો,શુધ્ધ સંકલ્પો ઉદ્ભવે છે.આવી સુંદર રાત્રિમાં ધ્યાન ચિંતન મનન કરવાથી આખા વર્ષની ઊર્જાનો સંચય થઈ જાય.નવ વર્ષની શુભ પ્રભાતે વડિલો,આત્મીય સ્વજનો અને મિત્રો વચ્ચે નૂતન વર્ષની શુભેચ્છાઓ આપ લે થાય ત્યારે વીતેલા વર્ષની કડવી યાદો ભૂંસી નાખવાની સરસ મજાની તક મળી જતી હોય છે.નવા વર્ષને દિવસે ક્યાંક ક્ષમાયાચના થાય તો ક્યાંક પ્રેમથી ક્ષમાદાન થઈ જાય.વરસમાં ખાસ ભાઈબીજનો દિવસ હકકથી ભાઈ બહેનના ઘરે જમવા જાય ત્યારે એ જાણવા માગતો હોય છે કે મારી બહેન સાસરામાં કેટલી સુખી છે.

આ દિવાળીનાં પર્વમાં સ્થૂળ આનંદ સિવાય કોઈ ઉદાત્ત અને પરમાર્થિક કાર્ય માટે આયોજન કરવા જેવું છે.આપણી આસપાસ કે સંપર્કમાં આવતા શ્રમજીવીઓના ખબરઅંતર પૂછીએ,તેમ બનતી મદદ કરીને તેમના ચહેરા પર સ્મિતના દીવડા પ્રગટાવીએ,તેમ આપણા કે એમનાં તન મનને ગ્રસી જતાં કોઈ વ્યસન કે કૂટેવને છોડવાનો સંકલ્પ કરીશું તો માતા,પત્ની સંતાનને હૃદયમાં સુખ–શાંતિના લાખો દીવડા ઝગમગી ઉઠશે જેનું પુણ્ય કોઈ મહાયજ્ઞ કે અનુષ્ઠાન કરતાંયે મોટું હશે.અને આ બધાથી મળતો સંતોષ અનેક શુભકાર્યો કરતાં સવાયો હશે.

સમગ્ર માનવ જગત સુખ શાંતિ અને સાર્થકતાના પ્રકાશથી ઝગમગી ઉઠે તેવી અભ્યર્થના સાથે સૌને શુભ દીપાવલી..સાલ મુબારક!

MINISTRY OF AYUSH
Reommended

e-Biotorium™
NETWORK PRIVATE LIMITED
INVENTOR | PIONEER | MANUFACTURING HUB | WORLDWIDE EXPORTER

Achievers of Best Marketing Co.by
MSME
MICRO, SMALL & MEDIUM ENTERPRISES

**રોગ અનેક, ઈલાજ એક..બાયો મેગ્નેટીક મેટ્રેસ – ચુંબકીય ચિકિત્સા પદ્ધતિ**

એક સર્વે મુજબ ૯૯% રોગોનું મુખ્ય કારણ લોહીનું અનિયમિત પરિભ્રમણ અને શરીરમાં ઓક્સિજનનું લેવલ નીચું જવું...આ બંને તકલીફોની સંપૂર્ણ વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા અને બહુ જ ઓછા ખર્ચમાં સચોટ ઈલાજ માત્ર અને માત્ર 'બાયો મેગ્નેટીક મેટ્રેસ' દ્વારા શક્ય છે..બી.પી., ડાયાબીટીસ,થાઈરોઈડ, સાંધા–કમર–માથાના દુ:ખાવા,આંખ,ડીપ્રેશન,ચામડીના રોગ,કોઈપણ બ્લોકેજ,કેન્સર,પેરેલીસીસ, પાર્કીન્સન જેવા આશરે ૨૫૦ જેટલા રોગોનું નિવારણ આ 'બાયો મેગ્નેટીક મેટ્રેસ' દ્વારા શક્ય છે.અનિદ્રા તથા અશક્તિને દૂર કરી રોગપ્રતિકારક શક્તિ વધારે છે... 'બાયો મેગ્નેટીક મેટ્રેસ' આપણી પ્રાચીન ચુંબકીય ચિકિત્સા પધ્ધતિનું સ્વરૂપ છે..જે દ્વારા શરીરના બધાં ચક્રોને સંતુલિત કરી અનેક રોગો સામે રક્ષણ આપે છે...ડેમો તથા વધુ માહિતી માટે સંપર્ક કરો :

**દિર્ઘાયુ હેલ્થ સોલ્યુશન,ઔદીચ્ય બ્રહ્મપુરી બિલ્ડીંગ,ICICI બેંક સામે,ખંભાળીયા.**

મો.જીજ્ઞાસુ કે.માંકડ–મો.૯૯૨૫૧૯૩૩૩૭/૮૮૪૯૫૬૦૫૭૨

**auroshikha Incense (since 1973)**
**Cottage Industries (since 1948)**
CREATION OF WORLD CLASS INCENSE
**Auroshikha's fragrances are in compliance with the guidelines of I.F.R.A. (International Fragrance Association Geneva Switzerland)**
OVER 100 VARIETIES OF INCENSE
(Handmade & Natural)
Incense Cones, Dhoop Sticks, Perfumed Oils, Pure Sandalwood powder, Aloe Vira Soaps, Bath Spa Shampoo and Moisturizer, Natural Esstential Oils, Air Freshener Perfume Spray, Body Mist Perfume Spray.
Material (Incense) : Pure extracts of Herbs, Roots, Barks of Trees, Petals, Leaves, Spices, Some Charcoal, Perfumes based on Natural Essentials Oils.
(A product of Shri Aurobindo Ashram)
**For Orders/Inquiries, Call/WA:+919909011200** OR
Email : DK.minereal@gmail.com
Retail and Bulk Distributors of Auroshikha & Cottage
**KD Tradelink**
**RAJKOT**

Rahul Oza
99090 10011
63596 04466

**PARAM FINCON**
Specialist of all types of Secured/Unsecured Loans & Banking Solutions
411, Kopper Arced, Opp. Vishweshwar Mahadev Temple, Mavdi Main Road, Rajkot-360 004.
paramfincon@gmail.com

Loans
> Home
> Mortgage
> CC/OD & Term Loan
> PL & BL
> Agriculture
> Tractor
> Education
> Project Finance

PARAM FINCON

હળવી શૈલીમાં...

# વંદે ભારત અને ભેંસ

પ્રભાકર ધોળકિયા,સુરત.
મો.૯૯૨૫૯૩૭૩૫૬

ગાયને આપણે માતા માનીએ છીએ..અને ગૌમૂત્ર પવિત્ર છે એ પણ ખરૂં અરે એનામાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે એની પણ ના નહિં.આમ છતાં ભેંસ જેટલી ચર્ચામાં છે એટલી ગાય નથી.'ભેંસ ભાગોળે ને છાશ છાગોળે'એ કહેવત જૂની હોઈ શકે. આજની એકવીસમી સદીમાં ભેંસ ભાગોળે નહી ભાગળથી આગળ નીકળી ગઈ છે..અને એનો વિસ્તાર વધીને સુરતના એરપોર્ટ સુધી વિસ્તાર પામ્યો છે. ગત વર્ષે એણે એર ટ્રાફિક કન્ટ્રોલરની ફરજ સુરતમાં બજાવી હતી. પણ આપણા વાંક દેખા અખબારોએ આ બનાવની સરાહના કરવાને બદલે ટીકા કરી હતી.ચુસ્ત સિક્યુરીટી અને મજબૂત દિવાલોમાં છીડા શોધવાનું કામ ભેંસે કર્યું એ બદલ એરપોર્ટ ઓથોરીટીએ ભેંસનું સન્માન કરવાને બદલે એની વગોવણી કરી જે બદલ પ્રાણી અને જીવદયા પ્રેમીઓમાં એ સમાચારે ખાસ્સી નારાજગી ફેલાવી હતી.

ભેંસના શીગડાં ભેંસને ભારી એ કહેવત તમારી જેમ મેં પણ ઘણીવાર સાંભળી છે પણ આજ સુધી એનો સચોટ અર્થ મને મળ્યો નથી.કોઈપણ પ્રાણીને કુદરતી શિંગડા ભારે કઈ રીતે પડી શકે?હા,આપણે માર્કેટમાં કે અન્ય સ્થળે બેધ્યાન હોઈએ ત્યારે આપણા પર ધસી આવે અને આપણું શીર્ષાસન કરી આપણી કાયાને શિંગડા વડે રક્તરંજીત કરે ત્યારે એ અવશ્ય ભારે પડી શકે,એની ના નહિ પણ હમણા અન્ય રસ્તા પર વિહાર કરતા પ્રાણીઓના સથવારે બહુ મોટું પરાક્રમ ગુજરાતમાં ભેંસે કરી બતાવ્યું.ગાય આખલા જેવા સ્વજનોના સથવારે ખરા અર્થમાં શિંગડાનો સહારો લીધા વિના એણે ગુજરાત સરકારને લોહીલુહાણ કરી નાખી.એ વાત નાની સુની કોઈ રીતે ના કહેવાય.આ માટે માલધારી સમાજ ઢોરઢાંખરનો સદાને માટે ઋણી રહેશે.

જો કે એ વાતની ચોખવટ કરવી જોઈએ કે વંદે ભારત હાઈસ્પીડ ટ્રેનની વાત કરવાને બદલે મારી ગાડી જરા આડે પાટે ચડી ગઈ.હાલમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીકમાં હોવાથી વડાપ્રધાન મોદીજીના આંટાફેરા વધી ગયા છે.આ સમજી શકાય એવી વાત છે.

કોઈપણ પ્રકલ્પનું રસ્તાનું કે પુલોનું ખાત મુહૂર્ત હોય,ઉદ્‌ઘાટન હોય,લોકાર્પણ કે નેતાના સ્ટેચ્યૂનું અનાવરણ હોય તો 'પ્રધાનમંત્રી કે કરકમલો સે કીયા જાતા હૈ' હકીકતમાં તો બીજા કોઈ નેતાના હાથ એટલા પવિત્ર કે દૂધે ધોયેલા નથી કે આમાં હસ્તક્ષેપ કરવાની હિંમત બતાવી શકે.પરિણામ સ્વરૂપ બાકીના નેતાઓ અને પ્રજા પાસે માત્ર તાળીઓથી આ બધું હસતે મોઢે વધાવી લેવાનું જ કામ હાથમાં રહયું છે એટલે ઈશ્વર પછી બીજું સ્થાન હવે માતાનું નહિ મોદીનું છે. એ વાત હવે પ્રજાએ સ્વીકારવી જ રહી.

વંદે ભારત ટ્રેન રેલ્વેનું નવું પ્રયાણ હોવાથી માદીએ એને માત્ર લીલી ઝંડી જ ન બતાવી પણ એમાં પહેલો દિવસ હોવાથી થોડી મુસાફરી પણ કરી.આ પ્રસંગે નાંબિયારથી ચિત્તાઓને ભારતમાં લાવવાનું આયોજન અને કૌશલ્ય બતાવનાર પ્રાણીપ્રેમી મોદીની લાગણી સત્તાવાળાઓ સમજી ના

શક્યા એટલે વંદે ભારત ટ્રેનના આખા પ્રસંગમાં ભેંસ સહિત ગુજરાતના કોઈ પ્રાણીને નિમંત્રિત કરવામાં નહિ આવ્યા. એથી ભેંસને ખોટું લાગ્યું પરિણામે વંદે ભારત ટ્રેનને વગર બોલાવ્યે સામે ચાલીને મળવાની રોષપૂર્વક મનમાં ગાંઠ વાળી.આમ તો ગુજરાત સરકાર સામે વિવિધ માંગણીઓને લઈને સરકારી સંગઠનો આંદોલન કરે છે.એવું કરવાનો વિચાર ભેંસને સૂઝ્યો પણ કાળુપુર સ્ટેશન સુધી બીજા પ્રાણીઓને ભેગા કરી શી રીતે જવું અને લઈ જાય તો પણ પ્લેટફોર્મ ક્યા પ્રાણી ચડી શકે? આથી ભેંસે આ વિચાર પડતો મૂકી નજીકનું વટવા સ્ટેશન નકકી કર્યું.આમાં અભિમાની ડ્રાઈવરે ભેંસને દૂરથી જોયા પછી પણ ટ્રેન ન થોભાવી એટલે જોયા પછી પણ ટ્રેન ન થોભાવી એટલે જોવાજેવી થઈ.એટલે બધો વાંક ડ્રાઇવરનો જ કહી શકાય.વંદે ભારત જેવી પ્રતિષ્ઠિત ટ્રેનના પ્રયાણ વખતે બાંધેલ પંડાલમાંમાં એકાદ બે છીંડા રાખ્યાં હોત તો આમાંનું કશુંજ અઘટિત ન થાત એ કહેવાની જરૂર ખરી?

---

**ચૂંટણી ટાણે શ્રી મેહુલ ભટ્ટ દ્વારા**
**મતદારોને જગાડવાનો સ્તુત્ય પ્રયાસ!**

## જાગતા રહેજો..

આવશે,ભરમાવશે,ભટકાવશે...જાગતા રહેજો,
આપી વચનો પછી રખડાવશે,...જાગતા રહેજો,
ધર્મ આસ્થાને નામે ઝગડાવશે,...જાગતા રહેજો,
નાત જાતને નામે ભરમાવશે,...જાગતા રહેજો,
વિચારો પણ તમારા પલટાવશે,...જાગતા રહેજો,
સપના અવનવાં બતાવશે,...જાગતા રહેજો,
પોતાને સંત કહેવડાવશે,...જાગતા રહેજો,
મુઠી લઇ ચપટીમાં પટાવશે,...જાગતા રહેજો,
ગળચટ્ટા મેસેજ ચટાવશે,...જાગતા રહેજો,
સમાચાર ખોટા વહેવડાવશે,...જાગતા રહેજો,
ખુદને સાચા કહેવડાવશે,...જાગતા રહેજો,
ઘાટ આવે પાછા બીવડાવશે,...જાગતા રહેજો,
થોડું હસાવી ઝાઝું રડાવશે,...જાગતા રહેજો,
બીજાની ખીલ્લી ઉડાવશે,...જાગતા રહેજો,
મગજમાં કેટલુંય ઠસાવશે,...જાગતા રહેજો,
વોટ એક વાર અપાવશે,...જાગતા રહેજો,
પછી પાંચ વરસ દબાવશે,...જાગતા રહેજો,
સ્વાર્થ એમનો સધાવશે,...જાગતા રહેજો,
તમને સાધન બનાવશે,...જાગતા રહેજો.

— મેહુલ ભટ્ટ, અમદાવાદ. મો.૯૯૭૯૮૯૩૩૨૯

**શ્રી જગતકિશોર ઢેબરની હકીકતલક્ષી વાત..**

## હાલોને ભાઈ ચૂંટણી ચૂંટણી રમીએ..

હું મારા પક્ષે,તમે તમારા પક્ષે,
સામસામા મેદાને પડીએ,
હાલોને ચૂંટણી ચૂંટણી રમીએ.
તમે મારા પર આક્ષેપ કરજો
હું તમારા પર પ્રતિ આક્ષેપ કરીશ,
પછીનું જે છે તે અંદરો અંદર જ સમજી લઈએ!!
હાલોને ચૂંટણી ચૂંટણી રમીએ.
મારાં વચનોથી જુદાં તમારાં વચનો આપજો.
'જગત'ને ભ્રમમાં પાડી બન્ને રાજી થઈએ
હાલોને ભાઈ ચૂંટણી ચૂંટણી રમીએ.
તમે ચૂંટાશો તો તમારા પક્ષે,
હું ચૂંટાઈશ તો તમે મારા પક્ષે—
અદલા બદલી કરી લઈએ,
હાલોને ભાઈ ચૂંટણી ચૂંટણી રમીએ.
સામા પક્ષે જો હોઈશ તો તો વિરોધ જોરદાર કરીશું,
પણ કાર્યવાહી પૂર્ણ થયા બાદ—
કેન્ટીનમાં ભોજન સાથે કરીશું,
હાલોને ભાઈ ચૂંટણી ચૂંટણી રમીએ.
અફસોસ 'જગત'ને આ સ્વપ્ન પરોઢિયે આવ્યું છે.
પ્રભુને પ્રાર્થના છે કે એ ખોટું પાડી દેજે.

—જગતકિશોર ઢેબર,રાજકોટ.૯૮૯૮૨૦૪૭૩૭

# જાહ્નવી કલા વૃંદ



જાહ્નવી કલા વૃંદ દ્વારા 7 વર્ષથી ઉપરના તમામ લોકો માટે દસ દિવસીય અને દ્વિ માસિક એવા બે પ્રકારના વર્કશોપ થતાં હોય છે

જેમાં આંગિક, વાચિક અને સાત્વિક અભિનય શીખવવામાં આવે છે.

આહાર્ય અભિનય વિશે માહિતિ આપવામાં આવે છે.

તેમજ દ્વિ માસિક વર્કશોપના અંતે નાટકના શો પણ કરવામાં આવે છે.

શ્રી કલાપી ધોળકિયા
(નાટ્ય શાસ્ત્ર સ્નાતક, ગોલ્ડ મેડલિસ્ટ,એમ એસ યુનિવર્સિટી)

**B-501 સામીપ્ય એન્ક્લેવ, સત્વ ફ્લેટ પાછળ, રાધે બંગલો પાસે, વુડા ફ્લેટ સામે, ગોત્રી રોડ, વડોદરા**
**999 80 10 613**

## ABM TRAVELS

**Discover your choice of destination in 2022,**

we will make customized tour plan as per your requirement with choice of selected hotels/resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays

* Shimla Manali *Dalhousie * Dharamshala
* Amritsar VaishnoDevi *Ladakh kashmir
* Nainital *Corbet Mussoorie *Darjeeling
* Gangtok * Ooty *Coorg*kerala
* Lakshadweep *Andaman * Gauhati
* Shilong * Kaziranga Rajasthan * MP
* South India * Goa * Nepal
* Dubai * Singapor * Thailand * Malaysia
* Bali * Maldives * Mauritius * Vietnam
* Religious places and many more.

**Avinash Mehta 9820817318**
**abmtravels@gmail.com**

CARNEST
DETAILING & DIAGNOSTIC

આપના ફોર વ્હીલ ને લાગતી તમામ પકારની સેવા માટેનું નજીક અને વિશ્વાસ પાત્ર સ્થળ એટલે

## ‘‘કારનેસ્ટ’’

સર્વિસ
- જનરલ સર્વીસ એન્ડ ચેકઅપ
- વાહન ના તમામ પ્રકાર ના રીપેરીંગ કામ
- બોડીશોપ રીપેરીંગ (ઈન્સ્યોરન્સ હેઠળ રીપેરીંગ)
- વ્હીલ એલાઈમેન્ટ અને બેલેન્સીંગ
- ટાયર રીપ્લેસમેન્ટ (યોકોહામા બ્રાન્ડ ટાયર)
- કાર એર કન્ડિશન રીપેર
- વોશીંગ
- પેઈન્ટ પ્રોટેકશન ફીલ્મ
- સિરામિક, ટેફલોન અને અંડર બોડી કોટીંગ
- વાહન ના ઈન્સ્યોરન્સ રીન્યુઅલ (વીમો)
- બ્રેકડાઉન સર્વિસ*




અમારી વિશેષતા
- ઓટોમેટેડ વર્કશોપ
- કંપની ના માપદંડ પ્રમાણે સર્વિસ
- યોગ્ય તાલીમ મેળવેલ સ્ટાફ
- ઓટોમોબાઈલમાં ૧૦ વર્ષ થી વધુ અનુભવ ધરાવતું મેનેજમેન્ટ
- સારી ગુણવત્તા ના ઓઈલ અને પાર્ટસ નો વપરાશ

સર્વિસ મેળવા માટે સંપર્ક કરો : 91577 36373
ફ્રી પીકઅપ અને ડ્રોપીંગની સુવિધા પણ ઉપલબ્ધ છે. *

કારનેસ્ટ મલ્ટી બ્રાન્ડ કાર વર્કશોપ, ગોત્રી સેવાસી રોડ, સેવાસી ૩૯૧૧૦૧
મો. નં. ૯૯૨૫૨૦૮૦૮૬ રાકેશ વસાવડા

# હવે...હું પણ– હાસ્ય લેખક !?

ડૉ.મૌલેશ મારૂ,અમદાવાદ.
મો.૯૦૦૮૪૭૩૪૫૩

ગુજરાતીના વિદ્વાન હાસ્ય લેખકોના સાહિત્યનો અભ્યાસ કર્યા પછી હું એવા તારણ પર આવ્યો છું કે –

હાસ્ય લેખકની યાદીમાં નામ જોડવા માટે લેખ લખવા ઉપરાંત બીજી પણ કેટલીક જરૂરિયાત છે, જેમાં એક અગત્યની બાબત શારીરિક દેખાવ. જે સામાન્ય કરતાં થોડો વિચિત્ર હોવો જોઈએ અને એ વિષય પર એક લેખ હોવો જરૂરી છે, અલબત્ત તમારી શારીરિક નબળાઈ છતાં તમે બુદ્ધિપૂર્વક સબળ વ્યક્તિને કેવી રીતે હંફાવી દીધો તેવો એકાદ લેખ પણ ચોક્કસ લખી શકાય, સ્વ. જ્યોતીન્દ્રભાઈ દવેનો લેખ "મારી વ્યાયામ સાધના" આ વાતનું સચોટ ઉદાહરણ છે, તેમાં તેમણે કુસ્તી શીખવતા ઉસ્તાદને હંફાવીને કહ્યું છે કે "તું શરીરના દાવપેચ જાણે છે તો હું બુદ્ધિના દાવપેચ જાણું છું" તે દર્શવે છે કે સશક્ત શરીર પર જયારે બુદ્ધિ હાવી થઈ જાય છે ત્યારે હાસ્યરસ ઉદભવી શકે છે. તમને થયેલો એકાદ રોગ અને તેમાં તમને ડોકટર સિવાય અન્ય લોકોએ આપેલી સલાહ અને સૂચવેલ દવાથી તમારી સ્થિતિ કેવી હાસ્યાસ્પદ અને દયનીય થઈ તે પણ એક અગત્યનો જ નહીં પણ ફરજિયાત વિષય પણ છે, તેના પર એક લેખ લખવો જ જોઈએ. જો કે એક ભયસ્થાન પણ યાદ રાખવા જેવું છે, તમને સમાજ એકવાર હાસ્ય લેખક તરીકે સ્વીકારી લે ત્યાર પછી તમે કદાચ તમારા અનુભવ પરથી કોઈ રોગની સચોટ દવા લોકોને બતાવો તો તેને પણ લોકો કદાચ ગંભીરતાથી ન જોતાં તમને પૂછે છે કે આ હાસ્ય લેખ તો નથી ને ? અને તમારે એ ઘટના પર પણ એક લેખ લખવો પડે અને સ્પષ્ટતા પણ કરવી પડે કે આ તો હાસ્ય લેખ જ છે !! ટૂંકમાં આ પ્રકારના અભ્યાસ પરથી મેં પણ નક્કી કર્યું કે મારે આ પ્રકારનો એક લેખ જરૂર લખવો. નાના નાના રોગો કે જેમાં મોટા હાસ્યકારોને ઘરગથ્થું દવાના ઘણા સલાહ સૂચન મળ્યાં હોય તેવા રોગોમાં મારા મિત્રો અને સંબંધીઓ, કોઈપણ સંજોગોમાં ઘરગથ્થુ દવા ના કરતાં ડોકટરની દવા લેવાનું સૂચન કરે છે, ત્યારે હું એકદમ દુઃખી થઈ જાઉં છું, એમ લાગે છે કે હાસ્ય લેખક થવાની એક તક ગુમાવી રહ્યો છું. તેમાં મને ઓચિંતાની એક તક મળી ગઈ, મારા તબીબી સારવાર અંગેનો વીમો ઉતારવા માટે લોહીનું પરીક્ષણ કરતાં, ડાયાબિટસની અસર જોવા મળી, અને મને હાસ્ય લેખકની યાદીમાં નામ જોડવા માટે, જરૂરી વિષય મળી ગયો. ડાયાબિટીસ એવું દર્દ છે કે તેનું નિદાન ચોક્કસ રીતે થઈ શકે છે, પરંતુ તે સંપુર્ણ મટી જાય તેવો ઉકેલ કોઈપણ તબીબી શાખામાં નથી એમ હું માનું છું અને એટલે તેમાં વ્યક્તિગત પ્રયોગ અને સલાહસૂચનનો બહોળો અવકાશ છે.

ડાયાબિટીસ !!!?? નો વિચાર કરતાં જ મને ગાલિબની પંક્તિ યાદ આવી જાય છે,

ઈસ સાદગી પે કૌન ન મર જાએ એ ખુદા
લડતે હૈં ઔર હાથ મેં તલવાર ભી નહીં।

ડાયાબિટીસ તમારી સાથે લડે પણ તેમાં કોઈ જગ્યાએ કડવાશ નહિ મીઠાશ અને ફક્ત મીઠાશ તમારા લોહીના દરેક બુંદમાં મીઠાશ ભરી દે પણ તમને મીઠી વસ્તુને હાથ પણ ના અડાડવાદે. ડાયાબિટીસ થવાના ઘણા કારણો છે. વારસાગત રીતે પણ ડાયાબિટીસ થઈ શકે છે મને મારા પિતૃપક્ષ તથા મોસાળ પક્ષમાંથી આવા ઘણા

વારસા મળેલ છે જેવા કે સ્થૂળતા, વાયુ, હરસ વગેરે પણ મને લાગે છે કે ડાયાબિટીસ મને કદાચ મોસાળ પક્ષનો વારસો પણ હોય ! મને થોડું થોડું યાદ છે ત્યાં સુધી મારા નાના બાપુને ડાયાબિટીસ હતો, તેમની એક વાત પરથી મને ડાયાબિટીસનો માનસિક વારસો મળ્યો, તેઓ એક રાજ્યના કારભારી હતા (આપણો દેશ સ્વતંત્ર થયો તે પહેલાં), તેમના રાજા (બાપુ) નો એક રમૂજી પ્રસંગ તેઓ અવારનવાર વર્ણવતા, બાપુને ડાયાબિટીસ થયો, એ જમાનામાં ડાયાબિટીસને આયુર્વેદ મુજબ મધુપ્રમેહ તરીકે ઓળખવામાં આવતો અને લોકભાગ્ય ભાષામાં મીઠી પેશાબ તરીકે ઓળખાતો. રાજાજીને ખાવામાં શું આપવું તેની યાદી વૈદ્યે મારા નાનાજીને આપી અને તેમણે સીધી રસોયાને આપી દીધી. ડાયાબિટીસને લગતું ભોજન થાળીમાં આવ્યું કે તરત જ બાપુનો ગુસ્સો સાતમા આસામાન પહોંચ્યો, બૂમાબૂમ કરવા લાગ્યા. તેમને શાંત પાડીને મારા નાના બાપુએ તેમને સમજાવ્યું કે વૈદરાજ કહે છે કે, આપને મીઠી પેશાબનો રોગ છે એટલે આવું જ ભોજન લઈ શકાય. બાપુ કહે – એટલે મને શું થયું છે ? નાના બાપુ કહે વૈદના કહેવા મુજબ આપના પેશાબમાંથી ખાંડ બહાર નીકળે છે. રાજાજી કહે એ વૈદને કેવી રીતે ખબર પડી ? એણે ચાખ્યો છે ? રાજા, વાજા ને વાંદરાને કોણ સમજાવી શકે ? પણ આ વાતથી ડાયાબિટીસ નામના રોગના નામનો વારસો મને મારી બાલ્યાવસ્થા દરમ્યાન મળ્યો.

મારા આશ્ચર્ય વચ્ચે મને જાણવા મળ્યું કે મને ડાયાબિટીસ છે ત્યારે સામાન્ય રીતે મનુષ્ય સહજ સ્વભાવ મુજબ હું પણ મને ડાયાબિટીસ હોય તેમ માનવાને તૈયાર નહોતો, અને આજ પણ હું માનું છું કે, મને ડાયાબિટીસ હોય જ નહીં, લેબોરેટરીના સાધનમાં જ ખામી છે. મારા ડાયાબિટીસની વાત જાણતા જ મારા શ્રીમતીનું ફોનનું નેટવર્ક ચાલુ થઈ ગયું, તેની બહેનપણીઓ સાથેની ફોનની વાતચીતથી મને સમજાયું નહીં કે, મને ડાયાબિટીસ નીકળ્યું તેનું તેને દુઃખ છે કે પછી ગર્વ છે, તમે જરૂર પૂછશો કે મેં એવું કેમ વિચાર્યું ? એની એક મિત્ર સાથે એ વાત કરતી હતી કે, તું કહેતી હતી ને કે અમારા ઘરનો ફૂડ એકદમ રીચ છે, તે વાત સાચી હો, મારા મિસ્ટરને ડાયાબિટીસ નીકળ્યું, મને લાગે છે કે અમારા રીચ ખોરાકની જ અસર !! મને તો બળ્યું, ઓછા તેલમાં દાળ–શાક કરવાનું ફાવતું જ નથી, લાગે છે કે ઓલી ચંપાડી પાસે શીખવા જવું પડશે ! એમ કહીને બન્ને મિત્રો ખૂબ જોરથી વ્યંગભર્યું હસવા લાગ્યા ! પછી ફરીથી વાતચીત શરુ, હેં – તારી વાત સાચી, હવે ઘરમાં મિષ્ટાન્ન બનાવવામાં થોડી તકલીફ જરૂર થઈ જવાની, પરંતુ તેમનાથી ગળ્યું ન ખવાય એટલે મારે થોડું ખાવાનું બંધ કરી દેવાય, અને આ જમાનામાં હવે કોઈ ગાંધારી બનીને આંખે પાટાઓ ન બાંધી રાખે અને પછી હસતાં હસતાં મશ્કરીના ટોનમાં કહે, હા એટલું ચોક્કસ કરી શકાય કે, મિષ્ટાન્ન બનાવ્યું હોય ત્યારે તેઓની આંખે પાટા બાંધી દેવાના, એટલે દેખવુંય નહીં અને દાઝવુંય નહીં એમ કહીને વળી પાછું જોરદાર હાસ્ય. શ્રીમતીજીની ફોન પરની વાતચીતથી મને એક વાત યાદ આવી ગઈ, હું નાનો હતો ત્યારે ગરીબ માણસોના સંદર્ભમાં "પેટે પાટા બાંધવા" ની વાત પહેલી વખત સાંભળી ત્યારે બાળક સહજ દુઃખ થયેલું પરંતુ હળવે હળવે ઉંમર થતાં એ વાતથી હું ટેવાઈ ગયો અને ઘણીવાર મશ્કરીમાં કહેતો પણ ખરો કે, તહેવારમાં ગળ્યું ખાવા ના મળે ત્યારે પેટ પર રંગીન પાટા બાંધવા જોઈએ.ડાયાબિટીસથી મારે પેટ પર તો નહિ પણ આંખે પાટા બાંધવાનો વિચાર તો જરૂર કરવો પડયો !

વાસ્તવિક રીતે ડાયાબિટીસને લીધે જ્યારે મારે ખાવા પર પ્રતિબંધ મૂકવો પડયો ત્યારે ખરેખર ઘણી

વખત મને નાના છોકરાંની જેમ રડવાનું મન થઈ જાય છે. વાસ્તવમાં સવારથી મારી દિનચર્યા શરૂ થાય તે સાથે જ મારા કુટુંબીજનો, આપ્તજત અને હિતશત્રુઓ મારા પર જાસુસી શરૂ કરી દે છે. હું છાનામાના, ખાનગીમાં કંઈ ખાઈ લેતો નથીને તેનો બધા ખ્યાલ રાખે છે. મારા માટે જ નહીં પરંતુ ડાયાબિટીસની ઝપટમાં આવી ગયેલ દરેક વ્યક્તિની મુશ્કેલી સવારથી ચાલુ થઈ જાય છે, સવારની ચા મોળી અથવા સ્યુગર ફ્રી વાળી, સવારે નાસ્તામાં પણ ખાવા જેવી કે ભાવતી કોઈ વસ્તુ નહીં લેવાની, બન્ને વખત ભોજનમાં પણ ઘાસ પાન જ લેવાના. મિષ્ટાન્ન, ફરસાણ, બટેટા, ભાત વગેરેની તો સામે પણ નહિ જોવાનું, અરે મીઠાશની બંધી તો એટલી કડક કે, મેં મારા શ્રીમતીને પણ સૂચના આપી દીધી છે કે તમારે મારી સામે મીઠાશથી જોવું પણ નહીં, કારણ તમારી દ્રષ્ટિની મીઠાશ કદાચ મારા સ્યુગર લેવલમાં વધારો કરી દે !! ઘણી વખત મને વિચાર આવે છે કે ઘણા બાળકો જન્મે ત્યારે તેમને પૂર્વજન્મની વાતો યાદ હોય છે, મને પણ મારા નવા જન્મમાં આ જન્મની યાદ રહેલી હશે તો ? તો એવું પણ બને કે મારા માટે "ગળસોદી" (નવજાત શિશુને અપાતું ગોળ અને મધનું પાણી), તૈયાર થતી જોઈને મને ગળ્યું પીવા મળશે તે જાણીને, હું હર્ષમાં આવીને રડી પડીશ, ત્યારે મને રડતો જોઈને મારા નવા જન્મના વડીલો મને ગળ્યું ખાવાની જન્મથી જ એલર્જી છે તેમ માનીને, બીજું કોઈ પીણું આપશે તો ?

ડાયાબિટીસ સામાન્ય રીતે આળસુ, નવરા, ધનવાન, વિદ્વાનમાં વધારે જોવા મળે છે એવું મારૂં માનવું છે અને આમાંના મોટાભાગના છટકબારી ગોતવામાં પણ ઉત્સાદ હોય છે. મોટી કંપનીમાં ચીફ મેનેજર રહી ચૂકેલા મારા એક સંબંધી માને છે કે "ખાંડ" ખાવાની ડોકટર ના પાડે છે, એટલે "ગોળ" ખાવામાં વાંધો નહીં. એવી જ રીતે મારા ઘણા વિદ્વાન મિત્રો માને છે કે ડાયાબિટીસ માટે "ગ્લુકોઝ" જવાબદાર છે, અને મોટાભાગના ફળોમાં "ફ્રૂકટોઝ" નું પ્રમાણ વધારે હોય છે, એટલે કોઈપણ ફળ ગમે તે પ્રમાણમાં ખાવામાં વાંધો નહિ. આવા પ્રકારની અસંખ્ય છટકબારી અસ્તિત્વમાં છે, જોકે મેડિકલ સાયન્સ આ બધા સાથે સંમત નથી તે એક અલગ વાત છે અને બીજી અગત્યની વાત, ડાયાબિટીસના દર્દીના સગાસંબંધી અને આસપાસના લોકો પણ એટલા જ બુદ્ધિશાળી હોય છે, એટલે આવી મનમાની કરવા ન દે તે પણ સત્ય હકીકત છે. મારી વાત કરું તો મારા શ્રીમતી, બાળકો અને મારી સાથે સંકળાયેલા અન્ય લોકો મારા ખાવામાં એટલું બધું બંધન રાખે છે કે ઘણી વખત તો હું તેમને કહું છું કે, આવો ખોટો જમવાનો ડોળ કરવા કરતાં, સવારના પહોરમાં મને ગાય અને ભેંસના ધણની સાથે ચરવા મોકલીદ્યો, એટલે કોઈ ચિંતા જ નહીં, મારા પત્ની આ બાબત સાથે અસહમત છે, તેઓ કહે છે કે ગાય અને ભેંસની સાથે તમે ચરવા જાવ ત્યાં કોઈ પ્રકારનું ગળ્યું ઘાસ નહિ ગોતી લ્યો તેની શી ખાતરી ?

ડાયાબિટીસની એક મજાની વાત એ છે કે, મોટાભાગના લોકોની માન્યતા છે કે એલોપેથીમાં ડાયાબિટીસ માપવા માટે યોગ્ય સાધન છે, પરંતુ તેને જડમૂળથી મટાડવાની યોગ્ય દવા તેની પાસે નથી, એલોપેથીક દવાથી ડાયાબિટીસને ખાલી કાબુમાં રાખી શકાય છે, તેને સંપૂર્ણપણે મટાડવા માટે આયુર્વેદ અથવા હોમિયોપથી પાસે ચોક્કસ દવા છે, આ વિવાદ અંત વિહીન છે એટલે તેના પર આપણે ચર્ચા નહીં કરીએ પરંતુ મારો એક અનુભવ જરૂર કહીશ કે મારી આસપાસના ઘણા લોકો પાસે ડાયાબિટીસની આયુર્વેદિક દવા છે. મને ઘણા મિત્રોએ જુદી જુદી દવા બતાવી છે. જેમાં મેથી, મામેજવો, જાંબુના ઠળિયા વગેરે અસંખ્ય વસ્તુ આવી જાય

છે, મારા એક મિત્ર તો આવી ૧૧ જડીબુટ્ટીનું મિશ્રણ કરીને, નરણે કોઠે (સવારના ઊઠીને તરત જ) તેનું સેવન કરે છે. એક મિત્રએ એક નવો નુસખો બતાવ્યો, તેમણે કહ્યું કે ચોક્કસ પ્રકારના નળિયા મળે છે, તે લઈને રોજ નળિયાને પગના તળિયામાં રોજ ઘસવાનું રાખો, એ પ્રયોગ મને વ્યાજબી ના લાગ્યો કારણ દરેક સ્થળે નળિયું સાથે રાખવાથી ઘણી ગેરસમજૂતી થવાનો સંભવ રહે છે પણ બીજા આ પ્રકારના પ્રયોગ ચોક્કસ કરેલ છે, પરંતુ પરિણામ શૂન્ય. આયુર્વેદ દવાનો પ્રયોગ મેં પૂરો કર્યો ત્યાં એક મિત્ર મળ્યા, મારી કથની સાંભળી, એકદમ ગંભીર મુખમુદ્રા કરી અને મને કહે તમે દવા પડતી મૂકો અને "યોગા" કરો. મને તેઓ યોગાના વર્ગમાં લઈ ગયા, ડાયાબિટીસના દર્દ કરતા પણ સવારે વહેલા ઊઠી  અર્ધી ઊંઘમાં યોગાએ મને ઘણી માનસિક તકલીફ આપી. મને પહેલી વખત સમજાયું કે યોગાના પણ બે પ્રકાર છે એક તો શરીરના અંગોને ન સમજી શકાય એવી મુદ્રામાં આડી અવળી રીતે ગોઠવવા જેને યોગાસન કહેવાય, અમુક પ્રકારના આસનમાં મને મારી મૂળ સ્થિતિમાં પાછું આવી શકાશે કે નહિ તેની ચિંતા રહેતી. આસનો પૂરાં થાય ત્યાં જુદી જુદી રીતે શ્વાસ લેવા મૂકવાની પ્રક્રિયા શરુ થાય, જેને પ્રાણાયામ કહેવાય, અને બહુ સહેલા દેખાતા પ્રાણાયામથી પણ હું મારા ગુરુને ક્યારેય સંતોષ ન આપી શક્યો. દિવસો સુધી કપાલભાટી પ્રાણાયામ કર્યો પણ ડાયાબિટીસ કાબુમાં ન આવ્યું. ગુરુને આનું કારણ પૂછયું તો તેમણે કહ્યું કે તમે પ્રાણાયામ યોગ્ય રીતે કરતા નથી, પછી કેવી રીતે મટે?!! ગુરુજીના આ અભિપ્રાયથી મને અત્યંત દુઃખ થયું, કારણકે હું સવારના ચાલવા જાઉં ત્યારે બગીચામાં કેટલાય લોકો નાક પકડીને કે પેટ અંદર બહાર કરીને પ્રાણાયામ (!!) કરતા હોય છે એટલે મને તો એમ જ હતું કે પ્રાણાયામ બહુ સરળ છે, પરંતુ તેનો અનુભવ કાર્ય પછી મને લાગ્યું કે મારી શારીરિક કે માનસિક સ્થિતિ યોગાને અનુકૂળ નથી. થોડા દિવસ પહેલાં બગીચામાં નવી ઓળખાણ થયેલ તેવા એક મિત્ર કહે કે તમે બીજું કશું ન કરો ફક્ત નિયમિત ચાલવાનું રાખોતો પણ ફાયદો થશે. મેં તેમને પૂછયું કે તમારો જન્મ કઈ સાલમાં થયો? તેઓ કહે ૧૯૬૦ માં, મેં તેમને કહ્યું કે, તમારા જન્મ પહેલાં એટલે કે ૧૯૫૮ થી હું નિયમિત ચાલવા નીકળું છું ! બોલો હવે તમારી શું સલાહ છે? તેઓએ જવાબ ન આપતાં કેટલાક યુવાન અને આધેડ ભાઈ બહેનોની માન્યતા, બાળક કે વૃદ્ધ વ્યક્તિને સલાહ આપવાના તેમના અધિકાર પર મેં હુમલો કર્યો હોય, તેવી મુખમુદ્રા કરીને ચાલવા માંડયા. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે તે મુજબ,

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ॥૪૭॥

આપણે કાર્ય કરવાનું – ફળની આશા વગર અને કાર્ય છોડવું પણ નહિ. કોઈકવાર મને લાગે છે કે ફળની આશા વગર કાર્ય ચાલુ જ રાખવું તે કદાચ ડાયાબિટીસના સંદર્ભમાં તો નહીં કહ્યું હોયને? જો કે આ લેખ લખવાનું કર્મ મેં, હાસ્ય લેખકની યાદીમાં નામ જોડવા માટેની આચારસંહિતાના ભાગ સ્વરૂપે લખેલ છે તેથી મનવાંછિત ફળ જરૂર મળશે તેવી શ્રદ્ધા છે અને હું પણ ગર્વપૂર્વક જરૂર કહી શકીશ કે –

હવે... હું પણ હાસ્ય લેખક !!

'કૃષ્ણ' મને એમ લાગે કે તને 'ક' હારે જ ફાવે?
મારી ભાષામાં તેથી જ સૌ પહેલાં 'ક' આવે.
'કૃષ્ણ' તારી 'કુંજગલી' ને તેમાં ઉગ્યાં 'કદંબ'
'કાલીદી'નો ધરો નાગ પણ એમાં 'કાળીયો' જ આવે.
કે તને 'ક' હારે જ ફાવે?
'ક્રિશ્ના' તારી સખી હોય,ને 'કૌંતેય' તારો મિત્ર,
કોઈ 'કુંતી',ક્રુર મામા 'કંસ'માં પણ 'ક' તો આવે.
કે તને 'ક' હારે જ ફાવે?
યુદ્ધ તો ગમે ત્યાં થાય એમાંય 'કુરૂક્ષેત્ર'નો 'ક'..!
વિપક્ષમાં જો 'કૌરવો',તો 'કાવાદાવા' કરવા ફાવે.
કે તને 'ક' હારે જ ફાવે?
અર્જુનનો શત્રુ હોય ભલે 'કર્ણ','ક'ને નાતે એ પોતીકો લાગે,
અઢાર અધ્યાયમાં 'કર્મ'નો તો આખો એક અધ્યાય ત્યાં આવે.
કે તને 'ક' હારે જ ફાવે?
સેનાપતિમાં 'કૃતવર્મા',ને ગદાનું નામ 'કૌમુદકી',
સ્કીન ટોન તારો 'કાળો',તેથી રાધા હાર્યે 'કોન્ટ્રાસ' જામે.
કે તને 'ક' હારે જ ફાવે?
'કૃષ્ણ' મને એમ લાગે કે તને 'ક' હારે જ ફાવે?
મારી ભાષામાં તેથી જ સૌ પહેલાં 'ક' આવે.
–પ્રણવ બક્ષી,રાજકોટ. મો.૯૪૨૬૯૯૬૨૨૬

## નવું વર્ષ...(ગઝલ)

આશ રાખું કે ઉપાધી સૌની ટળે નવ વર્ષમાં,
એ પછીથી જિંદગી તો વિતશે અમ હર્ષમાં
કષ્ટ કોરોનાનું વેઠીને ઘણું શીખવા મળ્યું,
એમ લાગ્યું જિંદગી જીવી રહ્યા છે નર્કમાં.
આવનાર જે વરસ છે એ હશે આનંદમાં,
જિંદગી જીવતા હશે સહુ હર્ષના સંપર્કમાં.
શબ્દની સંગાથ થાતા આવનારા કાળમાં,
જીવ ને આત્મા રહે છે ત્યાં પરસ્પરના સ્પર્શમાં.
આશા રાખું છું જીવન કોઈનું પણ આજથી,
આવશે ક્યારેય પણ ના દુઃખના સંસર્ગમાં.
આપણા આ દેશમાં એવા દિવસ આવે સદા,
જે દિવાળીએ કૃપા લક્ષ્મીની સહુના પર્સમાં.
પૂર્વી શુક્લ,અમદાવાદ.
મો.૭૬૦૦૬૪૫૩૭૦

Happy New Year to all from...
Swastik Drug House, Rajkot.
Wholesaler & Retailer of all types Ayurvedic Products.
You can Contact us for :
✧ All types of Ayurvedic Medicine for Any type of deases.
✧ For any wholesale or retail requirement of Ayurvedic Products
✧ We provide Free Home delivery with special discount of our products.
Please contact us :
Saumil Hathi -
70168 06585 / 9979822225
Bhushit Shukla -
96870 76056 / 90166 96380.

e-mail: paanjaria@yahoo.co.in
M : +91-94267 61760
R : +91-265-2395705
PRATIK A. ANJARIA
Every things at One Door Step
Over
'Hari Daya', 21/A Bakul Park, Opp. Sahyog Vatika, Gorwa, Vadodara 390 016
⇨ Medi-claim ( Health Insurance) & Life Insurance
⇨ Investment in Corporate Fixed Deposit
⇨ Investment in Mutual Fund
⇨ IPO Application / Submission
⇨ PAN Card - New / Duplication / Correction
⇨ Aadhar Card - Correction / Duplication - only
⇨ Accounting / Tally Data Entry / Filing of IT Return

# ઘર ઘર દિવાળી

મીરાં છાયા, અંજાર.
મો.૭૦૧૬૩૨૬૩૬૬

'બેન અગરબત્તી લ્યોને? કેસર, મોગરા, ચંદન સરસ સુગંધિત અગરબત્તી છે. ઘર મહેકી ઉઠશે.'

હું અમારા હોમિયોપેથી સ્ટોરમાં બેઠી હતી. એ યુવાન આજીજી કરતો રહયો. પણ મે સાફ ના પાડી. મેં ચોખ્ખું કહી દીધું, અગરબત્તી નો ઉપયોગ અમે કરતા જ નથી. એમાં કેમિકલ હોય છે.. એ સતત આજીજી કરતો રહયો. એના છેલ્લા વાકયથી મારૂં મન પીગળી ગયું.

બેન, બોણી કરો તો અમારા ઘરમાં પણ દિવાળીમાં દીવા થાય!

મેં ત્રણ પેકેટ લીધાં. મદદની ભાવનાથી ૫૦૦ રૂપિયા આપ્યા. એ પણ ખુદ્દાર હતો. વધુ રૂપિયા લેવાની ના પાડી, પણ હું જીદ પર અડી રહી ને પરાણે રૂપિયા આપ્યા.

મારૂં મન વિચારે ચડયું... આપણા જેવા મધ્યમ કે સુખી ને ધનવાનોને તો તહેવાર આવતાં આનંદ ને ઉલ્લાસ હોય છે. તહેવારોની કેમ ઉજવણી કરવી, શું ખરીદી કરવી, રજામાં ક્યાં ફરવા જવું એ વિચારો ચાલતા હોય છે, પણ આવા નિમ્ન વર્ગના લોકો કે જે તે દિવસનો ખાડો પુરવા મહેનત મજૂરી કરી પરસેવો પાડતા હોય છે એમને તો દિવાળી જેવા તહેવારો બોજો બની જતા હોય છે. બે છેડા માંડ ભેગા થતા હોય ત્યાં વધારાના ખર્ચાની સગવડતા અઘરી પડી જાય. છોકરાંને સંતોષ ન આપી શકે એટલે મા–બાપ દુઃખી રહે છે. કરકસર કરી સમજાવટથી મનને મનાવવું પડે છે. ભીખ માંગી ભેગું કરતાં શરમ નથી હોતી, પણ સામાન્ય મધ્યમ વર્ગની હાલત બહુ ખરાબ હોય છે. સમાજના રિવાજો નિભાવતાં મો પર તમાચો મારી ગાલ લાલ રાખવા પડે છે. મહેનત કરી ખુદ્દારીથી જીવતા લોકોની હાલત બહુ ખરાબ હોય છે.

કુદરતી આવા સાધારણ પરિવારના બાળકો ઉમરના પ્રમાણમાં વધુ સમજુ બની જતાં હોય છે અને પરિસ્થિતિને સમજીને માંગણી પણ કરતાં નથી, બલ્કે મા–બાપને મદદ કરવા નાના મોટા કામ ગોતી કમાણી કરાવી આપે છે. દિવાળીના તહેવારોમાં કોડિયાં, રંગ, સ્ટીકર વેંચીને મદદરૂપ થાય છે. મોટા સ્ટોરમાં હજારો રૂપિયા નાખી દેતા ગાડીવાળા શેઠીયા આવા ભૂલકાં પાસે ભાવતાલ કરાવતા જોઈ મન કંપી ઉઠે છે. પણ, વધુ દંગ ત્યારે થઈ જ્યારે બીજે દિવસે એ અગરબત્તીવાળો મીઠાઈ લઈને આવ્યો...

'મારી પત્ની ફરસાણ, મીઠાઇ બનાવી વેંચે છે, મારા જેવા નાના માણસની ભેટ આપવા આવ્યો છું.'

હું તો આ નાના પણ દિલના મોટા માણસને જોઇ રહી. થોડી કરેલી મદદને વાળી દેવાની કેટલી ઉચ્ચ ભાવના!

ઉચ્ચ વર્ગમાં ભેટ–સોગાદ આપવામાં લાગણી કરતાં સ્વાર્થ છુપાયેલો જોવા મળે છે પરંતુ દરેક સુખી પરિવાર આવા મહેનત કરીને કમાતા પરિવાર પાસેથી વધુ ખરીદી કરી તેની આવક વધારવામાં મદદરૂપ થાય તો તેમનું સ્વમાન પણ જળવાઇ રહે અને ઘર ઘર દિવાળી થાય અને ચારે બાજુ આનંદોત્સવ થાય. જો દરેક સુખી પરિવાર ઉદાર ભાવના રાખે તો સાધારણ લોકોની ઘણી સમસ્યા દૂર થઈ જાય. મોટા મોટા મોલમાં ત્રણગણા ભાવ આપી દેવામાં ખચકાટ થતો નથી પરંતુ આવા નાના ફેરિયા લારીવાળાને માંગે તેના કરતાં થોડી વધુ કિંમત આપી જુઓ તો તેમના મો પરની મુસ્કાન આપણા જીવનની અમૂલ્ય ભેટ બની જશે.

# પગે પડે તે માથે ન પડે

રઘુવીર ન.ખારોડ,અમદાવાદ.
મો. ૯૮૯૮૭૪૫૩૫૭

જે પગે પડે છે એટલે કે પગે લાગે છે તેઓ કદી માથે પડતા નથી.જેમને પગ પૂજતાં નથી આવડતું અથવા શરમ આવે છે તેને જીવનની પૂજા કરતાં જ નથી આવડતું.ચરણ પૂજા એટલે ખુશામત નહી પરંતુ વ્યક્તિ પ્રત્યેની ઉત્તમ ભાવના,લાગણી,આદર ભાવ.

આમ પણ મનુષ્યનો સ્વભાવ છે અને પગ એ ગતિ પ્રગતિનું પ્રતિક છે.તેથી હંમેશા ચાલતા રહેવું.કહેવત છે ને કે સાધુ તો ચલતા ભલા ઔર પાની બહેતા ભલા!પ્રત્યેક મનુષ્યએ ગતિમાં રહી વહેંચતા રહેવું જોઈએ..કારણ કે વહેંચવાનો આનંદ અનોખો છે...દુઃખ એકલાએ સહન કરવું જ્યારે સુખ—ખુશીને વહેંચવાની ટેવ રાખવી જોઈએ.

ચરણના રૂપ અનેક છે..દા.ત. મોટરની બ્રેક મારતાં પગ,લારી ખેંચતા મજૂરના પગ,સપ્તપદીના પગલાં ભરતી નવવધૂના પગ,કમળ જેવા નાજૂક સુદર બાળકના પગ.આમ આપણા પુરૂષાર્થ ને ગતિમાં રાખે છે. વડિલોના પવિત્ર ચરણ સ્પર્શનો આપણી સંસ્કૃતિમાં ખૂબ જ મહિમા વર્ણવેલ છે.તેથી જ ગુરૂ નિઝામુદ્દીનનો શિષ્ય, અમીર ખુશરૂને હરહંમેશ ઓલીયા (ગુરૂ) નિઝામુત્તીનની ચરણ પાદૂકામાંથી સુગંધ મેળવતો હતો અને તે જ રીતે રામચંદ્રજીની ચરણપાદૂકાને ગાદી ઉપર રાખી ભરતે રાજ્ય ચલાવ્યું હતું. જેમના તન અને મન પવિત્ર તેના જ ચરણો પવિત્ર હોય,કોઈ મનુષ્યના પગલાં પડતાં વાતાવરણ બદલાય જાય છે. અજ્ઞાત કવિ કહે છે,'તમારાં અહી આજ પગલાં થવાના, ચમનમાં બધાને ખબર થઈ ગઈ છે, ઝૂકાવી છે ગરદન બધી ડાળીઓએ ફૂલોનીએ નજર નીચી થઈ ગઈ છે. 'ચરણ (પગ)તો પ્રેમનું સ્થાન છે...(૧) પ્રેમાળ પુત્રને માતાની ચરણરજ લેતો જોવો(૨)આજ્ઞાંકિત શિષ્યને ગુરૂજીને પગે લાગતો જોવો (૩) ધરતીની ધૂળને વંદન કરતો દેશભક્ત જોવો એ ખરેખર જિંદગીનો લ્હાવો છે.કારણ કે શુધ્ધ,પવિત્ર આચરણથી જ વ્યકિતના ચરણ શોભે છે તે ભૂલવું ન જોઈએ,તેથી જ તો કહેવાયું છે કે કદમ જેના અપવિત્ર હોય તેને પણ કદી પણ સાચો રસ્તો પ્રાપ્ત થતો નથી.જ્યારે કદમ પવિત્ર ચરણોવાળી વ્યકિતના કદમ સ્થિર હોવાથી કહેવાયું છે કે 'અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.'આપણે આપણા ચરણોને સ્વાર્થના કે પરપીડન વૃત્તિના કેદખાનામાંથી બહાર કાઢીએ તો આપણા માટે સમાજ માટેના શુભકાર્યોની અનેક દિશાઓ આપોઆપ ઉઘડી જાય છે.



વડિલોને પગે લાગવું તે માત્ર શિષ્ટાચાર નથી પરંતુ યૌવનના જીવન વિકાસનું પ્રથમ પગથિયું છે.વડિલોના આશિર્વાદ જીવનની નાવની દિશા બદલી જીવનને વિકાસની દિશામાં દોરી જાય છે.

# કેનેડિન ડ્રીમ કે કેનેડિયન ક્રેઝ

રાજેન ધોળકિયા, કેનેડા.
મો.(૭૦૫)૩૦૩ ૮૮૭૨

ઘાટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠી ભોમ પર યૌવન માંડે આંખ

ઝવેરચંદ મેઘાણીનું આ શૌર્યગીત ભારતીય યૌવનધનના અણુએ અણુમાં વણાઈ ચૂક્યું છે.જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે સફળતા અને સમૃદ્ધિની તક દેખાઈ ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે ભારતીય યુવાન યુવતીઓએ સાહસભર્યા ડગ માંડવામાં પાછી પાની કરી નથી. પછી ભલે તે સાઉથ આફ્રિકાના ગીચ જંગલો હોય,અરબસ્તાનનું અફાટ રણ હોય કે કેનેડાના બર્ફીલા મેદાનો હોય,ભારતીય યૌવને શૌર્ય અને સાહસ,બુદ્ધિ અને મહેનત,કુનેહ અને કૌશલ્યના બળે સફળતાના ડંકા જ નથી વગાડયા પણ અણદીઠી ભોમને બીજું વતન કરી બતાવી છે.

સપનાઓ જોવા,જીવવા અને સાકાર કરવા એજ તો જીવનની યથાર્થતા છે.આપણા યુવક યુવતીઓએ સ્વપ્ન જોયાં તો માઇક્રોસોફ્ટ,આઈબીએમ,ટવીટર જેવી હાઈટેક કંપની હોય કે કોફીકિંગ સ્ટારબુક્સ હોય,તેની સર્વોચ્ચ ખુરશીઓ આપણા યુવાન–યુવતીઓ તેને શોભાવી રહયા છે.ઉચ્ચ અભ્યાસ માટે ભારતીય વિદ્યાર્થીઓ ૧૮૪૦થી વિદેશ જતા આવ્યા છે.ત્યારથી શરૂ કરીને આજ સુધી મેડિકલ, એન્જીનિયરીગ,કમ્પ્યુટર સાયન્સ,બીઝનેસ મેનેજમેન્ટ,ફાયનાન્સ તમામ ક્ષેત્રે આપણા વિદ્યાર્થીઓએ સફળતાના વિજય પતાકા લહેરાવ્યા છે.આ સફળતાનસ સાથે ઉડીને આંખે વળગે તેવી સમૃદ્ધિ અને સંપત્તિ પણ મેળવી છે.તેમાં બે મત નથી અને આનાથી આકર્ષાઇને અત્યારના ભારતીય યુવાનો વિદેશ અભ્યાસ કરવા જવા પ્રેરાય તે બહુ સ્વાભાવિક છે.છેલ્લા કેટલાક વર્ષોથી પાશ્ચાત્ય દેશોમાં અભ્યાસ માટે જવાનું વલણ ખૂબ જ મોટા પાયે વધ્યું છે.અને તેમાં પણ કેનેડા તરફ ધસારો ભારે પ્રમાણમાં વધ્યો છે.તાજેતરમાં પંજાબના એક ગામની સ્કૂલમાં એજ્યુકેશન એજન્ટ દ્વારા કેનેડા કેવી રીતે ભણવા જવું તેની સેમિનાર ગોઠવવામાં આવેલ.તેમાં ૫૦ વિદ્યાર્થીના કલાસમાંથી ૪૮ વિદ્યાર્થીઓએ કેનેડા જવા ઉત્સુકતા બતાવી. ૯૬% વિદ્યાર્થીઓ જેને પંજાબમાં કેનેડિયન ડ્રીમ તરીકે ઓળખાવામાં ગૌરવ અનુભવાય છે.નવદીપ કૌર નામના એક ૧૯ વર્ષીય સામાન્ય ખેડૂતની પુત્રીને સવાલ કરવામાં આવ્યો કે તારે જિંદગીમાં શું બનવું છે? તો તેનો જવાબ હતો..કેનેડા જવું છે.બચપણથી બસ એક જ સ્વપ્ન જોઈને મોટી થઈ છે..કેનેડિયન ડ્રીમ!

ઊંચી મહત્વાકાંક્ષા રાખવી એ ખૂબ સારી વાત છે. સપના જોવામાં કંઈ જ ખોટું નથી. પણ સમસ્યા ત્યારે સર્જાય છે કે જ્યારે 'ડ્રીમ' એ 'ક્રેઝ'માં પરિવર્તિત થાય છે.જ્યારે passion obsession બને છે.સાહસ અને દુઃસાહસ વચ્ચે એક ખૂબ પાતળી ભેદરેખા છે,તે સમજી લેવી જરૂરી છે.સાહસ કરતા પહેલાં એ ઘણુ મહત્વનું છે કે પરિસ્થિતિ અને સ્વશકિતનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવે.કેનેડામાં પંજાબ,ગુજરાત કે ભારતથી જ નહી પણ સમગ્ર વિશ્વથી ટોચના બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ ભણવા આવવાના છે.શું તેમની સામે સ્પર્ધામાં

સફળ થઈ ઝળકતી કારકિર્દી બનાવી શકવાની ક્ષમતા આપણામાં છે? અંગ્રેજી ભાષા ઉપર સંપૂર્ણ પ્રભુત્વ છે? કેનેડા જેવા દેશમાં અભ્યાસનો,રહેવા જમવાનો,ટ્રાન્સપોર્ટેશન જેવા ખર્ચા ખૂબ વધારે છે.એક વિદ્યાર્થી દીઠ ૨૫થી ૫૦ લાખ તો ગણવાના જ. શું આપણુ કુટુંબ એટલો ખર્ચ સહેલાઈથી ઉપાડી શકે તેમ છે?આ બધા પ્રશ્નો વિચારી લેવા જોઈએ.એવું પણ બને છે કે સામાન્ય સ્થિતિના મા–બાપ ઘર ગીરવી મૂકીને,દેવું કરીને કે જિંદગીભર મહેનત કરી ભેગી કરેલી મરણમૂડી ખર્ચીને પુત્ર કે પુત્રીને વિદેશ ભણવા મોકલે છે,એવા સ્વપ્ન સાથે કે અભ્યાસ પૂરો કરી ને તેનું સંતાન બહુ જ સારી જોબ મેળવી રોકેલી મૂડી અનેકગણી કરી દેશે.હવે આવા મધ્યમ વર્ગનો મધ્યમ બુદ્ધિમત્તા ધરાવતો વિદ્યાર્થી કેનેડાના આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મક જગતમાં આવીને કેવા માનસિક દબાણ નીચે જીવતો હશે તેની તો કલ્પના જ કરવી રહી.ભારતમાં માતા–પિતાની છત્રછાયા અને કુટુંબની હૂંફ વચ્ચે મોટો થયેલ ૧૭–૧૮ વર્ષનો કિશોર આવા માનસિક દબાણ સાથે આર્થિક સંકડાશ વચ્ચે કારમી એકલતા વચ્ચે અજાણ્યા દેશ,અજાણ્યા લોકો,ન જોયેલી વેધર કન્ડીશન ઠંડી અને બરફના તોફાનોમાં શું અનુભવતો હશે? તેમાં પણ પાર્ટ ટાઈમ જોબ કરી ખર્ચ કાઢવાની ચિંતા,કુટુંબનું દેવું ભરપાઇ કરવાની ચિંતા.આવી માનસિક સ્થિતિ સાથે અભ્યાસ કેવી રીતે કરી શકતો હશે અને તેમાં રીસેશનમાં જોબ ન મળી કે મળેલી જોબ છૂટી ગઇ તો? પરીક્ષામાં ફેઇલ થયો તો? કેનેડા એડમિશન મળ્યું,વિઝા મળ્યા અને પહોંચી ગયા એટલે સફળતાની કોઈ ગેરંટી નથી.અભ્યાસમાં પાસ ન પણ થવાય,અભ્યાસ પૂરો થયા પછી સારી જોબ ના પણ મળે.આમ કેનેડીયન ડ્રીમ કોઈ દ્યચ્ઝત?બ્ચ્ભ્ન બને તે માટે ઘણા 'જો'અને 'તો'નો સામનો કરવો પડે છે.

આ બધી બાબતોના પરિણામે કેનેડા ભણવા આવતા વિદ્યાર્થીઓમાં સ્ટ્રેસ,ડિપ્રેશન,ડ્રગ એડીક્શન થી માંડી આપઘાત સુધીના કિસ્સાઓ વધતા જાય છે.તાજેતરમાં The Fifth Estate નામના ન્યૂઝ ટેલિવીઝન પ્રોગ્રામનો વીડિયો વાયરલ થયેલ છે,જેમાં ઘણી ચોંકાવનારી બાબતો બહાર આવી છે.કેનેડા આવવા ઈચ્છુક દરેક વિદ્યાર્થીઓએ જોઇ લેવા જેવો છે.જેમાં એટલે સુધી બતાવવામાં આવ્યું છે કે એક funeral home માંથી પ્રતિ માસ ૪થી ૫ deadbodies ભારત શીપ કરે છે. જે સાચી હોય તો આઘાતજનક છે.

આ લેખનો હેતુ કોઈને નિરાશ કરવાનો બિલકુલ નથી. જો કોઈ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા યુવાનને કેનેડાની ટોપ યુનિવર્સિટીમાં તેને યોગ્ય ને ગમતા અભ્યાસ માટે પ્રવેશ મળતો હોય, કુટુંબને તેના સંતાનના અભ્યાસ માટે મૂડીની સગવડ હોય તો કેનેડા ચોકક્સ આવવું જ જોઈએ.કેનેડા સુંદર અને સમૃદ્ધ દેશ છે અને યોગ્ય વ્યકિત માટે ઘણી સોનેરી તકો રાહ જોઈ રહી છે.(અમે કેવી રીતે આવ્યા,સેટ થયા તેના અનુભવો ક્યારેક બરછી દ્વારા જણાવીશું)ટૂંકમાં, દેવું કરીને કે મધ્યમ વર્ગીય યુવાન 'એજન્ટ' દ્વારા પ્રાઈવેટ કોલેજમાં પ્રવેશ લઈ, મિલ્કત ગીરવે મૂકીને આવવા વિચારતા હો તો દસવાર વિચાર કરવો જોઈએ..

---

આપના શુભ પ્રસંગે કંકોત્રી/રીસેપ્શન માટે આકર્ષક લખાણ લખી આપીશું...તેમજ
આપના વ્યવસાયને અનુરૂપ સુંદર તથા યોગ્ય સ્લોગન (સૂત્ર) લખાણ લખી આપીશું
સંપર્ક : ભરત અંજારિયા–રાજકોટ–મો. ૯૪૨૬૪૧૭૮૫૪

# કાલ્પનિક રીસોર્ટ

નિખિલ પંડયા,વિરાર.
મો.૯૮૩૩૦૮૯૭૩૭

મારી મહત્વાકાક્ષાંએ પાર પડવાની શુભ ઘડીઓ આવી! પૃથ્વીથી સ્વર્ગ જતાં હાઈવે(ડાબી બાજુએ યમપુરી)પાસે મેં એક અદ્યતન કાલ્પનિક રીસોર્ટ બનાવ્યું.વિશ્વકર્માએ કુશળ આર્કિટેકટ દ્વારા સિંહાસનો, એક સરોવર,વિવિધ આધુનિક ખંડો,ભોજનાલય ઉપરાંત સુંદર ઉપવન.

ઓપનીંગ સેરેમનીની પટ્ટી કાપવા મેં શિવ પાર્વતીના વરદ હસ્તે નિર્ધાર્યું.મારા રીસોર્ટ ત્રિદિવસીય રંગબેરંગી કાર્યક્રમમાં ચિત્રગુપ્તની મદદથી તમામ નવદંપત્તી રામચંદ્રજી,કૃષ્ણચંદ્ર,તમામ સંતો,ભક્તગણો પરિવાર સાથે નિમંત્રણ પાઠવ્યું.

ગાંધર્વોના મધુર સંગીત,અપ્સરાઓની નૃત્ય નાટીકા વચ્ચે બરાબર નવ વાગ્યે વાગચર્મ,સ્મશાનની રાખ સાથે પાર્વતી સાથે ઓપનીગના કાર્યક્રમનો પ્રારંભ.

દેવકી,જશોદા,રાધા,સીતા,મીરાં,શબરીને કેટરીંગ વિભાગની દેખરેખ સોંપેલી.

ઓપનીંગ સેરેમની પ્રસંગે વરિષ્ઠો દ્વારા રાધાએ બનાવેલ માવાની કેક કટીંગ કરાવ્યું.શંકર ભગવાન,રામ,કૃષ્ણના વરદ હસ્તે મંગળદીપ પ્રગટાવ્યો.ત્રિદિવસીય રંગારંગ કાર્યક્રમ ની શરૂઆત મારી નજર રાજકારણી વ્યક્તિ ઉપર પડી.હાથમાં વીણા અને નારાયણ નારાયણ કરતા ક્યાંક ઝઘડો લગાવાનું તો ચાલુ જ. સોનાના સિંહાસન પર બિરાજેલા મહાનુભાવના પ્રાસંગિક પ્રવચનો.ઓડિયન્સમાં ભાઈઓ બહેનો સોનાના સોફા પર બિરાજેલા નરસિંહ મહેતા,સુદામા,જ્ઞાનેશ્વર,તુકારામ જેવા અનેક સંતો ઉપસ્થિત. કાર્યક્રમમાં પંચામૃત,કઢેલા દૂધ,તુલસીના પાન ફરતાં હતાં.ત્રણ દિવસના આ રંગારંગ કાર્યક્રમમાં માત્ર વેકેશન માણવા સ્વર્ગનું કામકાજ પણ સંપૂર્ણ બંધ.

જમરાજા ફૂલ મુડમાં.તેમના દૂતોને પણ આદેશ અપાયેલો કે ત્રણ દિવસ કોઈને મૃત્યુ નહી.તેના દૂતોને પણ આ કાર્યક્રમ માણવા આમંત્રિત કરેલા.બહાર તેના પાડાઓ ને ઘાસની વ્યવસ્થા થયેલી.ધુમ્રપાન નિષેધનું મોટું પાટીયું.

ભોજનમાં માખણ,મીસરી તથા ગોપીઓએ બનાવેલ બાજરીના રોટલા(પીઝાના નહી!)શબરી બોર પણ લાવેલી.ભક્તોનો ખોરાક આરોગવાનું અદ્‌ભૂત નજરાણું.

મારા કાલ્પનિક રીસોર્ટનો કાર્યક્રમ પૂરો થતાં જ ભગવાન મને તથાસ્તુ બોલીને જતાં મારૂં સ્વપ્ન પૂરૂં થયું.

---

**ચાંદની ફૂડ્સ એન્ડ આર્ટસ રાજકોટ...**
સુરતના સ્પેશિયલ હાથ વણાટના ખાખરા તથા લીલા લસણના પાપડ,મઠીયા અને ચોળાફળી.
ઉત્તરસંડાના સ્પેશિયલ ઓર્ડરથી જ મળી શકશે. ડિલિવરીના ૫ દિવસ પહેલાં ઓર્ડર બુક કરાવવો જરૂરી છે..સંપર્ક કરો : ચાંદનીબેન –૯૮૨૫૭૫૨૭૪૧